અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ નવેમ્બર ૨૦૨૩, શનિવાર
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ સાતમ

વર્ષ : ૧૫
અંક : ૧૦૦

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**હમાસ અને ઈઝરાયલ વચ્ચે છેલ્લા ઘણા અઠવાડિયાથી યુદ્ધ ચાલી રહ્યું છે, જેમાં અત્યાર સુધીમાં ૧૦ હજાર લોકોના મોત થઈ ચૂક્યા છે**

## પેલેસ્ટાઇનના મુદ્દાનું સમાધાન જરૂરી પરંતુ આતંકવાદ સ્વીકાર્ય નથી : એસ. જયશંકર

। નવી દિલ્હી, તા.૩ ।

ઈઝરાયલ-હમાસ યુદ્ધ વચ્ચે વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું હતું કે આતંકવાદ અસ્વીકાર્ય છે પરંતુ તેની સાથે જ પેલેસ્ટાઈન મુદ્દાનું સમાધાન પણ જરૂરી છે. વિદેશ મંત્રીએ રોમમાં સંયુક્ત સત્રમાં આ ટિપ્પણી કરી હતી. નોંધનીય છે કે હમાસ અને ઈઝરાયલ વચ્ચે છેલ્લા ઘણા અઠવાડિયાથી યુદ્ધ ચાલી રહ્યું છે, જેમાં અત્યાર સુધીમાં ૧૦ હજાર લોકોના મોત થઈ ચૂક્યા છે. સંયુક્ત સત્રને સંબોધતા જયશંકરે કહ્યું કે ૭ ઓક્ટોબરે જે બન્યું તે આતંકવાદનું મોટું કૃત્ય હતું. સમગ્ર વિસ્તારમાં તણાવ છે. યુદ્ધને કારણે મધ્ય પૂર્વની સાથે સમગ્ર વિશ્વ ચિંતિત છે. સંઘર્ષ સામાન્ય નથી. વિવિધ મુદ્દાઓને સંતુલિત કરવાની જરૂર છે. નવી દિલ્હી બે-રાજ્યના સમાધાનને ફરી દોહરાવે છે. આપણે આ બાબતમાં સંતુલન જાળવવાની જરૂર છે. આતંકવાદ બધા માટે અસ્વીકાર્ય છે, તેના વિશે કોઈ પ્રશ્ન નથી. પેલેસ્ટાઈનની સમસ્યાઓ હલ થવો જોઈએ. જયશંકરે વધુમાં કહ્યું કે આપણે વાતચીત મારફતે ઉકેલ શોધવો પડશે. આતંકવાદ દ્વારા ઉકેલ શોધી શકાતો નથી. અમે વાતચીતને સમર્થન આપીશું. માનવતાવાદી કાયદાનું સન્માન કરવું જોઈએ. ભારત હંમેશા પેલેસ્ટાઈનની સાથે છે, અમે હંમેશા તેને સાર્વભૌમ અને સ્વતંત્ર થવાની હિમાયત કરી છે જે ઈઝરાયલ સાથે શાંતિથી રહે. હમાસે કહ્યું કે આ ઈઝરાયલ દ્વારા જેરૂસલેમની અલ-અક્સા મસ્જિદની અપવિત્રતાનો બદલો છે. હમાસે કહ્યું કે ઈઝરાયલી પોલીસે એપ્રિલ ૨૦૨૩માં અલ-અક્સા મસ્જિદ પર ગ્રેનેડ ફેંકીને તેને અપવિત્ર કરી હતી. ઈઝરાયલની સેના સતત હુમલા કરી રહી છે અને હમાસના સ્થાનો પર અતિક્રમણ કરી રહી છે. ઈઝરાયલની સેના અમારી મહિલાઓ પર હુમલો કરી રહી છે. હમાસના પ્રવક્તા ગાઝી હમાદે આરબ દેશોને ઈઝરાયલ સાથેના તમામ સંબંધો તોડી નાખવાની અપીલ કરી છે. હમાદે કહ્યું કે ઈઝરાયલ ક્યારેય સારો પાડોશી અને શાંતિપ્રિય દેશ ન બની શકે.



## પેલેસ્ટાઈનના મુદ્દાના ઉકેલ માટે ટુ-સ્ટેટ સોલ્યુશનનો વિકલ્પ હોવો જોઈએ : ભારત

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા ઘણા દિવસોથી યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે રોમમાં આયોજિત સંયુક્ત સત્રમાં ભારતના વિદેશમંત્રીએ સંબોધન કરતા કહ્યું હતું કે ૭મી ઓકટોબરે જે થયું તે મોટું કૃત્ય હતું. તેમણે વધુમાં કહ્યું કે યુદ્ધને કારણે સમગ્ર વિસ્તારમાં તણાવની સ્થિતિ છે જેનાથી મધ્ય પૂર્વની સાથે સમગ્ર વિશ્વ ચિંતિત છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો એક મહિના જેટલો સમય થવા આવ્યો છે ત્યારે વિદેશમંત્રી એસ. જયશંકરે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે પેલેસ્ટાઈન મુદ્દાનું સમાધાન જરુરી છે પણ આતંકવાદ અસ્વીકાર્ય છે. તેમણે ઉમેર્યું હતું કે પેલેસ્ટાઈનના મુદ્દાના ઉકેલ માટે ટુ-સ્ટેટ સોલ્યુશનનો વિકલ્પ હોવો જોઈએ. જયશંકરે ઈટાલીની રાજધાની રોમમાં આયોજિત સેનેટના ફોરેન અફેર્સ એન્ડ ડિફેન્સ કમિશનના સંયુક્ત સચિવ સત્ર દરમિયાન આ વાત કરી હતી. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે આપણે વિવિધ મુદ્દાઓ વચ્ચે સંતુલન જાળવવું પડશે. વિદેશમંત્રી એસ. જયશંકરે વધુમાં જણાવ્યું હતું કે જો કોઈ ઉકેલ શોધવો હોય તો તેને વાતચીત દ્વારા ઉકેલ શોધવો પડશે. આતંકવાદ દ્વારા ઉકેલ શોધી શકાતો નથી. આ સિવાય તેમણે કહ્યું કે ભારત વાતચીતનું સમર્થન કરે છે અને હંમેશા પેલેસ્ટાઈનની સાથે છે.

### ન્યૂઝ બ્રિફ

#### લોકસભાની ચૂંટણી લડવાના કંગના રનૌતે સંકેત આપ્યા



। મુંબઈ, તા.૩ ।

બોલિવુડ અભિનેત્રી કંગના રનૌત તેના નિવેદનોને કારણે હંમેશા ચર્ચામાં રહે છે અને તેને હંમેશા રાજકારણમાં પ્રવેશવાને લઈને સવાલો પૂછવામાં આવે છે ત્યારે હવે તેણે સકારાત્મક જવાબ આપ્યો છે. મીડિયા સાથે વાતચીત દરમિયાન અભિનેત્રીએ લોકસભા ચૂંટણી લડવાના સંકેત આપ્યા છે. તેણે કહ્યું છે કે જો ભગવાન શ્રી કૃષ્ણ રાજી થશે તો તે લોકસભાની ચૂંટણી લડશે.

#### દિલ્હીમાં જીઆરએપીના સ્ટેજ III ને લાગુ કરવા સૂચના

। નવી દિલ્હી, તા.૩ ।

મંગળવારની શરૂઆતથી દિલ્હી-એનસીઆરમાં સ્મોગવાળું વાતાવરણ જોવા મળી રહ્યું છે. હવામાન એવું હતું કે લોકોને આંખોમાં બળતરાં થવા લાગ્યા હતા. તેને જોતાં જ વહીવટીતંત્ર એલર્ટ થઈ ગયું હતું. કમિશન ફોર એર ક્વોલિટી એન્ડ મેનેજમેન્ટ (સીએક્યુએમ) એ ગુરુવારે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (જીઆરએપી) ના સ્ટેજ III ને લાગુ કરવા સૂચના આપી હતી. દિલ્હીમાં એક્યુઆઈ ૪૦૨ પર પહોંચી જતાં ગેસ ચેમ્બર જેવો અહેસાસ થઈ રહ્યો છે.

**આપના સાંસદને સસ્પેન્ડ કરવાના મુદ્દે સુપ્રીમમાં સુનાવણી**

## ઉપરાષ્ટ્રપતિને મળીને માફી માગવા રાઘવ ચઢ્ઢાને સુપ્રીમ કોર્ટની સલાહ

**રાજ્યસભાના સભાપતિ સહાનુભૂતિપૂર્વક વિચારશે અને આ મામલાની પતાવટ કરશે એવી સલાહ સુપ્રીમે આપી**

। નવી દિલ્હી, તા.૩ ।

આમ આદમી પાર્ટી (આપ) ના રાજ્યસભા સાંસદ રાઘવ ચડ્ઢાને સસ્પેન્ડ કરવા મામલે સુપ્રીમકોર્ટે સુનાવણી કરી હતી. સુપ્રીમકોર્ટે રાઘવ ચડ્ઢાને કહ્યું કે રાજ્યસભામાં સભાપતિ જગદીપ ધનખડને જઈને મળો અને તેમનાથી બિનશરતી માફી માગી લો. કોર્ટે કહ્યું કે સભાપતિ સહાનુભૂતિપૂર્વક વિચારશે અને આ મામલાની પતાવટ કરશે. આ મામલે હવે આગામી સુનાવણી ૨૦ નવેમ્બરે કરાશે. આ મામલે સુનાવણી હાથ ધરતાં સીજેઆઈ ડી.વાય.ચંદ્રચૂડે કહ્યું કે રાઘવ ચડ્ઢા નાની વયના અને પ્રથમ વખત સાંસદ બન્યા છે. તે બિનશરતી માફી માગી લેશે. એવામાં આ મુદ્દાને ખતમ કરવો જોઈએ. ચીફ જસ્ટિસે કહ્યું કે તમે કહ્યું હતું કે તમે બિનશરતી માફી માગવા તૈયાર છો. સારું થશે કે તમે સભાપતિથી અપોઈન્ટમેન્ટ લઈને મુલાકાત કરી લો. તેમની સુવિધા અનુસાર



તમે તેમના ઘરે, ઓફિસ કે ગૃહમાં જઈને મળીને માફી માગી લો કેમ કે આ ગૃહ અને ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિની ગરિમાનો મામલો છે. આ મામલે રાઘવના વકીલ શાદાન ફરાસતે કહ્યું કે રાઘવ રાજ્યસભાના યુવા સભ્ય છે. તેમને માફી માગવામાં કોઈ તકલીફ નથી. તે પહેલા પણ માફી માગી ચૂક્યા છે. રાઘવને સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ સમગ્ર ગૃહે પસાર કર્યો હતો પણ સભાપતિ પોતાના સ્તરે તેને રદ કરી શકે છે.

**રાજસ્થાનમાં ચૂંટણીના માહોલ વચ્ચે ઈડીની કાર્યવાહી**

## જળ જીવન મિશન કૌભાંડમાં રાજસ્થાનમાં આઈએએસ અધિકારીને ત્યાં ઈડીના દરોડા

**રાજસ્થાનમાં આશરે ૨૫ જેટલાં ઠેકાણે હાલમાં દરોડાની કાર્યવાહી કરવા ઇડીની ટીમ પહોંચી, ભારે ફફડાટ**

। જયપુર, તા.૩ ।

રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણીના માહોલ વચ્ચે ઈડીની કાર્યવાહીએ ચર્ચા જગાવી છે. ગઈકાલે જ એક ઈડી ઓફિસર અને તેનો સહયોગી ૧૫ લાખ રૂપિયાની લાંચ લેતા પકડાયા હતા. ત્યારબાદ હવે જળ જીવન મિશન કૌભાંડ મામલે ઈડીએ મોટી કાર્યવાહી કરી છે. આ કાર્યવાહીથી રાજસ્થાનના અનેક અધિકારીઓ અને રાજનેતાઓ વચ્ચે હડકંપ મચી ગયો છે. જળ જીવન મિશન કૌભાંડમાં મની લોન્ડરિંગ મામલે ઈડીએ રાજસ્થાનમાં એક આઈએએસ અધિકારીના પરિસર પર દરોડાની કાર્યવાહી કરી હતી. ઈડીએ જળ જીવન મિશન યોજના સંબંધિત તમામ ફાઈલો ચકાસવાની શરૂઆત કરી દીધી છે અને તેની સાથે સંકળાયેલા અધિકારીઓ હવે ઈડીના રડાર પર છે. સમગ્ર રાજસ્થાનમાં આશરે ૨૫ જેટલાં ઠેકાણે હાલમાં દરોડાની કાર્યવાહી કરવા ઈડીની ટીમ પહોંચી ગઈ છે. આ મામલે આઈએએસ અધિકારીની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે.

**લોકોને ૫૦૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર મળશે**

## ભાજપે છત્તીસગઢમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો

**રાણી દુર્ગાવતી યોજનાને શરૂ કરાશે, જેના અંતગર્ત બાળકો કિશોર થતાં તેમને ૧,૫૦,૦૦૦ રૂપિયા મળશે**

। નવી દિલ્હી, તા.૩ ।

પાંચ રાજ્યોમાં વિધાનસભાની તૈયારીઓ વચ્ચે ભાજપે છત્તીસગઢમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. મેનિફેસ્ટો બહાર પાડતા કેન્દ્રીય મંત્રી અમિત શાહે કહ્યું કે અમે રાજ્યના લાખો લોકો સાથે ચર્ચા કરીને મોદીની ગેરંટી મેનિફેસ્ટો તૈયાર કર્યો છે. આ દરમિયાન તેમણે કહ્યું કે જો રાજ્યમાં ભાજપની સરકાર આવશે તો સીએમ રિલીફ ફંડમાંથી ગરીબ પરિવારોને ૧૦ લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપવામાં આવશે. તેમણે કહ્યું કે આયુષ્માન ભારત યોજના હેઠળ કેન્દ્ર સરકાર



દ્વારા ૫ લાખ રૂપિયા સુધીનો વીમો પહેલેથી જ આપવામાં આવી રહ્યો છે. આ સિવાય તેમણે કહ્યું કે ભાજપના શાસનમાં છત્તીસગઢના લોકોને ૫૦૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર મળશે. રાણી દુર્ગાવતી યોજના શરૂ કરવામાં આવશે. જે અંતર્ગત છોકરીઓને પુખ્ત થવા પર ૧,૫૦,૦૦૦ રૂપિયા મળ્યા હતા. વિપક્ષ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, ખોટો પ્રચાર કરવામાં ભૂપેશ બઘેલની આખા દેશમાં કોઈ સમાન નથી.

ગૃહમંત્રીએ કહ્યું કે ભૂપેશ બઘેલે ૫ વર્ષ સુધી અહીં સરકાર બનાવી. પરંતુ આમાં તેમણે માત્ર કૌભાંડો કર્યા હતા. આ ૫ વર્ષમાં ભૂપેશ બઘેલ સરકાર કાયદો અને વ્યવસ્થાની બાબતમાં નિષ્ફળ સાબિત થઈ છે.ગૃહમંત્રીએ કહ્યું કે ભૂપેશ બઘેલે ૩૦૦થી વધુ વચનો આપ્યા હતા, જે પૂરા થયા નથી.









## ન્યૂઝ બ્રિફ

### સુરેન્દ્રનગરમાં હાર્ટ અટેકથી ૩૨ વર્ષીય યુવકનું મોત

। ગાંધીનગર, તા.૩ ।

રાજ્યમાં નાની ઉંમરમાં હાર્ટ અટેકના કારણે મોતની ઘટનાઓમાં ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે. સુરેન્દ્રનગરના લખતરના મફતિયા પરામાં રહેતા ૩૨ વર્ષીય યુવકનું હાર્ટ અટેકથી મોત નિપજ્યું હતું. સુરેશભાઈ ઘુઘલિયાને રાત્રીના સમયે છાતીમાં દુઃખાવો ઉપડતા સારવાર માટે લખતર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જ્યાં ટૂંકી સારવાર દરમિયાન યુવકનું મોત નિપજ્યું હતું. યુવકના અકાળે મોતથી ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી હતી. તે સિવાય લખતર પંથકમાં જ હાર્ટ અટેકથી વધુ એક વ્યકિતનું મૃત્યુ નિપજ્યું હતું. લીલાપુર ગામે રહેતા આલાભાઈ સભાડને સાંજના સમયે હૃદયરોગનો હુમલો આવ્યો અને મોતને ભેટ્યા હતા. આલાભાઈના નિધનથી પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. ગઈકાલે અંકલેશ્વરમાં ૧૦ વર્ષીય બાળકીનું હાર્ટ અટેકથી મોત થયું છે. ધોરણ ચારમાં અભ્યાસ કરી રહેલી બાળકીને ગેસ્ટ્રોની અસર બાદ હાર્ટઅટેક આવ્યાનું અનુમાન છે.

### રાજકોટમાં ૫ માસની બાળકી હીંચકામાંથી પટકાતા મોત

। રાજકોટ, તા.૩ ।

શહેરમાં માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. પાંચ મહિનાની માસુમ બાળકીનું હીંચકામાંથી પડી જતા સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. સમગ્ર મામલે રાજકોટ તાલુકા પોલીસ દ્વારા સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માતે મોત રજીસ્ટર્ડ કરવામાં આવી છે. મળતી વિગતો અનુસાર, રાજકોટ શહેરના સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે બાંધકામ સાઈટ પર ચુંદડીથી ઘોડિયું બાંધી તેમાં પાંચ મહિનાની બાળકીને સુવડાવવામાં આવી હતી. અકસ્માતે બાળકી તેમાંથી પડી જતા તેને માથા સહિતના ભાગે ગંભીર ઈજા થઈ હતી. દરમિયાન તેને સારવાર અર્થે રાજકોટ શહેરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેને આઈસીયુમાં સારવાર આપ વામાં આવી રહી હતી. ત્યારે ખાનગી હોસ્પિટલ ખાતે મંગળવારના રોજ સાડા સાત વાગ્યાના અરસામાં તબીબો દ્વારા તેને મૃત જાહેર કરવામાં આવી હતી. સમગ્ર મામલાની જાણ રાજકોટ શહેર તાલુકા પોલીસને કરવામાં આવતા તાલુકા પોલીસ દ્વારા બનાવ સંદર્ભે મૃતકની લાશને પોસ્ટ મોર્ટમ અર્થે શહેરના પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી હતી.

### કુખ્યાત ચોરને ઝડપવા પોલીસે વેશ પલટો કર્યો

# ફુગ્ગાવાળા બની સુરત પોલીસે દિલ્હીથી આરોપીને ઉપાડી લીધો

### સુરતમાં આવેલા ભટાર સ્થિત ઠાકોર પાર્ક સોસાયટીના મકાનમાં ગત ૨૮મી જુલાઈના રોજ ઘરફોડ ચોરીની ઘટના બની હતી

। સુરત, તા.૩ ।

શહેરના ભટાર સ્થિત સોસાયટીના મકાનમાં ત્રણ માસ અગાઉ થયેલી લાખોની ઘરફોડ ચોરીની ઘટનામાં મધ્યપ્રદેશની કુખ્યાત "પારઘી" ગેંગના સાગરીતની ખટોદરા પોલીસે દિલ્હી ખાતેથી ધરપકડ કરી ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. ગેંગ પોલીસ પર પણ હુમલો કરવાની ટેવ ધરાવતી હોવાથી ખટોદરા પોલીસે ખૂબ જ સિફતપૂર્વક ઓપરેશન હાથ ધરી દિલ્હી ખાતેથી ગેંગના એક આરોપીને ઝડપી પાડ્યો છે. ખટોદરા પોલીસની ટીમે ચારથી પાંચ દિવસ સુધી દિલ્હી ખાતે સતત વર્કઆઉટ કરી ફુગ્ગાનું વેચાણ કરતા ફેરિયાનો વેશ ધારણ કર્યો હતો. જ્યાં દિલ્હી ખાતે લાગેલા મેળા બહાર પોતાના પરિવારને મળવા આવેલા ઘરફોડ ચોરીના મુખ્ય આરોપીને ખટોદરા પોલીસે દબોચી સુરત લઈ આવી હતી. જ્યાં ગેંગમાં સામેલ અન્ય ચાર જેટલા આરોપીઓને ઝડપી પાડવા પોલીસે ચક્રોગતિમાન કર્યા છે. પોલીસે માત્ર એક મોબાઈલ નંબર ટ્રેસ કરી આરોપીઓના પરિજનો સુધી પહોંચી હતી. જ્યાંથી આરોપીનું પગેરું પોલીસના હાથે લાગ્યું હતું. સુરતના ખટોદરા પોલીસ મથકની હદમાં આવેલા ભટાર સ્થિત ઠાકોર પાર્ક સોસાયટીના મકાનમાં ગત ૨૮મી જુલાઈના રોજ ઘરફોડ ચોરીની ઘટના બની હતી. જગદીશ સુખાભાઈ આહિરના બંધ મકાનને અજાણ્યા તસ્કરોએ



નિશાન બનાવી બંધ મકાનના બેડરૂમમાં રહેલા કબાટમાંથી સોનાના અલગ અલગ ઘરેણાં, કાંડા ઘડિયાળ, મોબાઈલ તેમજ ૫.૫૪ લાખની રોકડ રકમ સહિત ૧૧.૩૬ લાખની મત્તા પર હાથફેરો કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ઘટનાના પગલે ખટોદરા પોલીસે મકાન માલિક જગદીશ સુખાભાઈ આહિરની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢવા ખટોદરા પોલીસની જુદી-જુદી ટીમો કામે લાગી હતી. આ દરમિયાન પોલીસે ઘટના સ્થળથી લઈ અલગ-અલગ વિસ્તારોમાં સીસીટીવી ફૂટેજની પણ તપાસ કરી હતી. ઘટના બની તે સમયના એક્ટિવ મોબાઈલ નંબરો ટ્રેસ કરવામાં આવ્યા હતા. જે પૈકી એક મોબાઈલ નંબરનું લોકેશન મધ્યપ્રદેશના ગુના જિલ્લામાં આવેલ બાબા કા ખેજરા તાલુકાના કનેરી ગામનું મળી આવ્યું હતું. જેના આધારે ખટોદરા પોલીસની એક ટીમ મધ્યપ્રદેશ ખાતે ગઈ હતી. મધ્યપ્રદેશનું કનેરી ગામ કુખ્યાત આરોપીઓના નામે જાણીતું હોવાથી પોલીસે ખૂબ જ શિફ્ટપૂર્વક અહીં વર્કઆઉટ કર્યું હતું. મોબાઈલ નંબરના આધારે પોલીસ આરોપીઓના પરિજનો સુધી પહોંચી હતી, જ્યાંથી હેમખેમ આરોપીઓની માહિતી કઢાવવામાં પોલીસને જે તે સમયે સફળતા મળી હતી. જો કે સતત આરોપીઓના વોચમાં રહેવા છતાં પોલીસ આરોપીઓ સુધી પહોંચી શકી નહોતી. જેથી ખટોદરા પોલીસની ટીમે પરત ફરવાની ફરજ પડી હતી.

### વાઈબ્રન્ટ પહેલા જ આવશે કરોડોનું રોકાણ

# ૫૧૧૫ કરોડના વધુ ૮ MoU થયા, ૧૫૦૦૦ લોકોને મળશે રોજગારી

### વાયબ્રન્ટ સમિટ ૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે અત્યાર સુધીમાં ૨૬ હજાર કરોડના સંભવિત રોકાણો માટે ૪૭ MoU થયા છે

। ગાંધીનગર, તા.૩ ।

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આગામી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી સીરીઝનાં પ્રારંભ પૂર્વે જ વિવિધ ઉદ્યોગ જુથો સાથે ગાંધીનગરમાં રાજ્યકક્ષાએ MoU કરવાનો ઉપક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વેગવંતો બન્યો છે. રાજ્ય સરકારે પ્રતિ સપ્તાહ આવા MoU વિવિધ ઉદ્યોગો સાથે કરવાનો જે સિલસિલો શરૂ કર્યો છે તેમાં અત્યાર સુધીમાં ૪૭ રૈં રૂ. ૨૫,૯૪૫ કરોડના સંભવિત રોકાણો માટેના થયા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આ શૃંખલાને આગળ ધપાવતા ગુરુવાર તારીખ ૨ નવેમ્બરે વધુ ૮ એમ.ઓ. યુ. વિવિધ ઉદ્યોગ રોકાણકારોએ રાજ્ય સરકાર સાથે કર્યા હતા. આ અંતર્ગત ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં મેડિકલ ડિવાઈસીસ એન્ડ બાયોલોજીકલ મેન્યુફેક્ચરિંગ, દવાઓ અને ઈન્જેકશન, ટેબલેટ, કેપ્સ્યુલ, બલ્ક ડ્રગ ઉત્પાદન માટેના કુલ રૂ. ૧૭૭૦ કરોડના રોકાણોના એમઓયુ કરવામાં આવ્યા હતા. આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ, ઊદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂત અને ઊદ્યોગરાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં થયેલા આ એમ.ઓ.યુ. અન્વયેના ઊદ્યોગો પોતાના એકમો સંભવતઃ ૨૦૨૪ અને ૨૦૨૫માં શરૂ કરશે.

### હવામાન વિભાગની આગાહી

# ગુજરાતમાં ઠંડી નહીં પડે અને માવઠું પણ નહીં થાય?

### હાલ બેવડી ઋતુનો અનુભવ થઇ રહ્યો છે, વહેલી સવારે અને મોડી સાંજ બાદ ઠંડીનો ચમકારો હોય છે જ્યારે બપોરે ગરમી હોય છે

। અમદાવાદ, તા.૩ ।

હાલ ગુજરાતમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે અને મોડી સાંજ બાદ ઠંડીનો ચમકારો હોય છે જ્યારે બપોરે ગરમી હોય છે. હાલ રાજ્યમાં ઉત્તર પૂર્વના પવનો ફૂંકાઈ રહ્યા છે ત્યારે અમદાવાદ હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી હવામાન કેવું રહેશે, તે અંગેની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજ્યમાં આગામી છ દિવસ મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં મોટો ફેરફાર નહીં થાય. આ સાથે વાતાવરણ સુકૂં રહેશે તેવું પણ અનુમાન કર્યુ છે.

આ સાથે અમદાવાદ હવામાન વિભાગે એમ પણ જણાવ્યુ છે કે, સૌરાષ્ટ્ર, કચ્છ, દિવ, દમણ, દાદરાનગર હવેલી તથા ગુજરાતના બાકી વિસ્તારોમાં હવામાન ડ્રાય રહેશે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. મનોરમા મોહંતીએ ગુરૂવારે બપોરે આપેલી આગાહી પ્રમાણે, આગામી પાંચ દિવસમાં ગુજરાતના કોઈપણ વિસ્તારમાં વરસાદની કોઈ સંભાવના નથી. રાજ્યમાં મોટાભાગે વાતાવરણ સુકૂં રહેવાની શક્યતા છે. રાજ્યમાં મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રીની આસપાસ હવામાન રહેવાની સંભાવના છે. આ સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં ૩૨થી ૩૫ ડિગ્રી હવામાન રહેવાની સંભાવના છે. તો લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવના છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં વધારે ફેરફાર થવાની શક્યતા નથી.

### સ્માર્ટ સીટી જાહેર થયા બાદ સ્થાનિકોને અનેક સમસ્યા

# દાહોદ પાલિકા વિસ્તારમાં દિવાળી ટાણે નળ કનેક્શન કાપી નાખતા સ્થાનિકોને હાલાકી

। દાહોદ,તા.૩ ।


દાહોદ સ્માર્ટ સીટી જાહેર થયા બાદ સ્થાનિકોને અનેક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. સરકાર દ્વારા કરોડોના ખર્ચે દાહોદ સ્માર્ટ સીટીમાં કડાણા જળાશય યોજનાની પાઈપ લાઈન દ્વારા પાણી લાવવામા આવ્યું છે, પરંતુ જે પંચાયત વિસ્તારમાંથી પાઈપ લાઈન પસાર થાય છે ત્યાં પાણીના ટાંકીઓ બનાવવામાં આવી રહી છે. દાહોદ પાલિકા વિસ્તારના સ્થાનિકોને દિવાળી સમયે પાણીની સમસ્યા ઉદભવી છે. કડાણા જળાશય યોજનાની પાઈપ લાઈનના નળ કનેક્શન કાપી નાખતા લોકોને પાણી માટે વલખાં મારવા પડી રહ્યા છે. ગોદી રોડ વિસ્તારમાં આવેલા લક્ષ્મીપાર્ક સોસાયટી પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે.

દાહોદ સ્માર્ટ સીટી જાહેર થયા બાદ સ્થાનિકોને અનેક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. સરકાર દ્વારા કરોડોના ખર્ચે દાહોદ સ્માર્ટ સીટીમાં કડાણા જળાશય યોજનાની પાઈપ લાઈન દ્વારા પાણી લાવવામા આવ્યું છે, પરંતુ જે પંચાયત વિસ્તારમાંથી પાઈપ લાઈન પસાર થાય છે ત્યાં પાણીના ટાંકીઓ બનાવવામાં આવી રહી છે. તેથી આ વિસ્તારને હાલ પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે.

# અનોખી લાઇબ્રેરી, જ્યાં પુસ્તકના બદલે મળશે સાડીઓ

। રાજકોટ, તા.૩ ।

આપણે અત્યાર સુધી પુસ્તકોની લાયબ્રેરી વિશે સાંભળ્યું હોય પણ શું તમે ક્યારેય સાડીની લાયબ્રેરી વિશે ક્યારેય સાંભળ્યું છે ? શુભ પ્રસંગે મહિલાઓ હજારો રૂપિયા ખર્ચીને સાડી પહેરતી હોય છે પણ હવે હજારો રૂપિયાની સાડી તમને પ્રસંગમાં પહેરવા ફ્રીમાં મળે તો કેવું રહે? આ સાંભળીને તમને કદાચ નવાઈ લાગશે, પણ આ હકીકત છે. રાજકોટમાં એક સાડીની લાયબ્રેરી શરૂ કરવામાં આવી છે. જ્યાંથી તમે સાડી મફતમાં પહેરવા માટે લઈ જઈ શકો છો. રાજકોટમાં યુવા સેના ટ્રસ્ટ દ્વારા આ પહેલ શરૂ કરવામાં આવી



છે. આજના આ મોંઘવારીના સમયમાં ગરીબ અને મધ્યમ વર્ગની મહિલાઓ પણ સારી સાડી પહેરી શકે અને ખરીદવાનો ખર્ચ પણ ન થાય તેવા વિચાર સાથે સાડી લાયબ્રેરી શરૂ કરવામાં આવી છે. જેથી ગરીબ અને મધ્યમવર્ગની મહિલાઓ પણ પોતાની ચોઈસ મુજબની સાડી પહેરી શકે. રાજકોટ સિવાય અન્ય શહેરોમાંથી ૧૦૦ જેટલા દાતાઓએ અહીંયા સાડીનું દાન કર્યું છે અને હાલ આ સાડી લાયબ્રેરીમાં ૨૫૦થી પણ વધુ સાડી એકત્ર કરવામાં આવી છે. છેલ્લા બે મહિનાથી આ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવતા મહિલાઓ તેનો લાભ લઈ રહી છે. અહીંયા તમને અલગ અલગ વેરાયટીની સાડીઓ મળી જશે. તમે તમારા પ્રસંગોને અનુરૂપ સાડીનું સિલેક્શન અહીંયાથી કરી શકો છો. જેમ, કે તમારે લગ્ન પ્રસંગમાં કોઈ સાડી પહેરવી હોય કે, કોઈ ધાર્મિક કાર્યમાં સાડી પહેરવી હોય તો તમને અહીંયાથી મફતમાં સાડી પહેરવા માટે મળી જશે.

## વિશેષ

**તીવ્ર ઠંડી થી મોતકઈ રીતે નિપજે છે? । ઠંડા લોહી વાળા પ્રાણીઓ શિયાળાની ઠંડીનો સામનો ન કરવાથી થીજીને મરી જાય છે**

# કુદરતી તાપમાન ૩થી ૪ ફેરનહીટથી પણ ઓછું થઈ જાય તો શરીરમાં લોહીનું ભ્રમણ ધીમું પડીજાય છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

શિયાળો આવેને ઠંડીનું કાતિલ મોજું વાતાવરણમાં ફરી વળે ત્યારે શીત લહરની લહેરખીઓ ઘણી વખત ગાત્રોને ધ્રુજાવી દેતી હોય છે. હાજા ગગડી જાય તેવી ઠંડીનો ચમકારો ધ્રુવ પ્રદેશના બરફવાળા હિમખંડ વિસ્તારમાં વિશેષ જોવા મળે છે. શિયાળો જેમ જામતો જાય છે ત્યારે ઘણી વખત અસહ્ય ઠંડીને કારણે લોહી થીજી જવાથી મનુષ્ય સહિત અસંખ્ય પ્રાણીઓના કરૂણ મોત નિપજતા હોય છે. તીવ્ર ઠંડી થી એક મોજની અનુસાર અસંખ્ય પ્રાણીઓ દર વર્ષે નષ્ટ પ્રાયઃ થતા હોય છે.

**તીવ્ર ઠંડી થી મોત નિપજે તો કઈ રીતે?**

ઠંડીથી આપનું શરીર કેમ ધ્રૂજે છે ? ઠંડી થી બચવા શું કરવું જોઈએ ? વગેરે પ્રશ્નો ની માહિતી આપવાનો આ લેખમાં પ્રયાસ કર્યો છે. આમ તો ભારતમાં ઓક્ટોબરથી શરદ ઋતુનો પ્રારંભ થાય છે. ગુલાબી ઠંડી લાગવા માંડે છે. તે દરમિયાન ઉત્તર તથા વાયવ્ય દિશામાંથી શિયાળુ પંખીઓ શિયાળો ગાળવા ભારતમાં આવવા માંડે છે. તિબેટનો શિયાળો સૌથી વધુ કઠોળ હોય છે. તેનું કારણ તેની ઊંચાઈ ૧૩૦૦૦ ફૂટની છે.આપણા દેશમાં લડાખનો શિયાળો સૌથી વધુ ઠંડો હોય છે. હવામાન વિજ્ઞાનીઓનું કહેવું છે કે લડાખમાં સાપેક્ષ ભેજનું પ્રમાણ એટલું બધું હોય છે કે પાણી બનેલું હિમ પણ હવામાં રેતીના કણોની જેમ ઉડતું હોય છે.શિયાળામાં અહીં કશી જ પ્રવૃત્તિ થઈ શકતી નથી, ત્યાં સુધી કે શ્વાસ લેવામાં નાક સિવાય કશું જ બહાર કાઢી શકાય નહીં ૩૫ ડિગ્રી ઉત્તર અક્ષાંશ પર આવેલા લડાખની પ્રજાને શિયાળાના છ મહિના સુધી ઘરમાં પુરાયેલા જ રહેવું પડે છે. ભારતમાં સૌથી વધુ ઠંડી ઉત્તર ભારતમાં પડે છે. ઉ.ભારતમાં હિમાલયની પર્વતમાળા હોવા છતાં શિયાળા દરમિયાન હિમાલયમાંથી ઠંડી હવા દક્ષિણમાં ઉતરીને ઉત્તરપ્રદેશ અને બિહાર સુધી પણ પહોંચે છે. રાજસ્થાન, બિહાર અને ઉત્તર પ્રદેશમાં શિયાળો દર વર્ષે સેંકડો માણસો માટે જીવલેણ નીવડે છે. હવામાન વિજ્ઞાન મુજબ ઉત્તર ભારતની તીવ્ર ઠંડી માટે પશ્ચિમ એશિયામાંથી આવતા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નામે ઓળખાતા વાયુચક્રો પણ જવાબદાર હોય છે. આ વાયુચક્રો જ્યારે રોદ્ર સ્વરૂપ પકડે છે.ત્યારે તેઓ વરસાદ આપે છે.ઊંચે આકાશમાંથી ઠંડી હવાને નીચે ધકેલે છે.અને બરફના કરા પણ વર્ષ આવે છે. એથી ઠંડીનું પ્રમાણ વધી જાય છે. ઉત્તર ભારતની જેમ પૂર્વ ભારતનો શિયાળો પણ કડક હોય છે. એ માટે શિયાળમાં હિમાલયમાંથી ઊતરી આવતો પવન બહુ જ ઠંડો પવન જવાબદાર છે.આ ઠંડો પવન છે દક્ષિણ બંગાળ તથા ઓરિસ્સા સુધી પોતાનો પ્રભાવ પાડે છે,ભારતમાં શિયાળાનો પ્રારંભ ડિસેમ્બરની આખરમાં અથવા જાન્યુઆરીના આરંભ માં તેની



પરાકાષ્ઠાએ પહોંચે છે. સામાન્ય રીતે વિજ્ઞાનના નિયમો મુજબ જે શહેર દરિયાની વધુ નજીક હોય તેને ગરમી ઠંડીના આંતરિકનો સામનો કરવો પડતો નથી,વળી શિયાળાના હવામાન પર ડુંગરાળ પ્રદેશોનો પણ પ્રભાવ પડતો હોય છે.વિજ્ઞાનના સિદ્ધાંત પ્રમાણે દરિયાનું પાણી દિવસે સૂર્યની જેમ ગરમી ગ્રહણ કરે છે.તે રાત ને ઠંડી હવામાં થોડી થોડી પાછી ફેકે છે.

હિમાલય અને તેની આસપાસના વિસ્તારમાં જેમ વધુ હિમવર્ષા થાય તેમજ સમગ્ર ભારતમાં શિયાળાની ઠંડી જામતી જાય છે.તેનો પ્રભાવ મુંબઈ સુધી અને દક્ષિણના વિસ્તારમાં પણ અનુભવવા તો જોવા મળે છે. તેની ઘણી માઠી અસરો પણ જોવા મળે છે. હિમાલયના તરાઈના વિસ્તારોમાં ભારે હિંમ પડવાથી વનસ્પતિ સૃષ્ટિ પણ નાશ પામવા માટે છે.

જેમ જેમ ઉત્તરમાં જઈએ તેમ તેમ શિયાળો વધુ ઠંડો અને તીવ્ર બનતો જાય છે.અને ધ્રુવ પ્રદેશોમાં શિયાળા દરમિયાન ભારે હિમવર્ષા થાય છે. ત્યાં હિન્દીને કારણે પુષ્કળ વનસ્પતિ નાશ પામે છે.તેની સાથે સાથે ઠંડા લોહી વાળા પ્રાણીઓ શિયાળાની ઠંડીનો સામનો ન કરવાથી થીજીને મરી જાય છે. તેનું મુખ્ય કારણ આસપાસની ઠંડીનો સામનો કરવા જેટલી ગરમી પોતાના શરીરમાં પેદા કરી શકાતા નથી તેથી હૃદય બંધ પડી જવાથી તેઓ મર્યા જાય છે. શરીર વિજ્ઞાન ના નિયમો મુજબ શિયાળાની તીવ્ર ઠંડીનું મોજું ચડી આવે ત્યારે શરીરની રાસાયણિક અને પાચનક્રિયા ઓ ખોરવવા લાગે છે, ઠંડી થી તેથી જ શરીર ધ્રુજવા લાગે છે. આ પ્રકારની ધ્રુજારી પાછળનો કુદરતી હેતુ શરીરમાં શક્ય એટલી વધુ ગરમી પેદા કરવાનો છે. તે પછી પણ જો તીવ્ર ઠંડીનો સ્પર્શ ચાલુ રહે તો શરીર તેની કુદરતી ગરમી વધુને વધુ પ્રમાણમાં ગુમાવતું જાય છે. જો આ કુદરતી તાપમાન ૩ થી ૪ ફેરનહીટ થી પણ ઓછું થઈ જાય તો શરીરમાં લોહીનું ભ્રમણ ધીમું પડે છે. એથી મગજને સમયસર અને પૂરતા પ્રમાણમાં લોહી મળતું નથી. પરિણામે ગ્લુકોઝ અને પ્રાણવાયુ પણ ઓછા મળે છે. જે મગજની વિચાર કરવાની શક્તિને ઘટાડી નાખે છે. ઠંડીની બીચ વધવાથી લોહીમાં શર્કરાનું પ્રમાણ ઘટતું જવાથી ચક્કર પણ આવે છે. જે પડે શરીરનું તાપમાન ૯૮.૬ ફેરેનાઈટ થી ઘટીને ૮૨ અન ફેરનહીટ થઈ જાય, ત્યારે હૃદય લોહીને શરીરમાં વધુ વેગ થી ફેરવવાના વલખા મારે છે.અને જો હૃદય બંધ પડી જાય તો ચાર મિનિટ બાદ મગજના કોષોનું વિસર્જન શરૂ થાય છે. શરીરની રસ ગ્રંથિઓમાં જે પાણી હોય તે થીજી જવાથી કોષો નાશ પામવા માંડે છે.

ઠંડીથી બચવા શરીર વિજ્ઞાનના નિયમો મુજબ ઠાંસી ઠાંસીને ખાવું જોઈએ.વળી ઠંડીનો સામનો કરવા પ્રબળ ઈચ્છા શક્તિ ઉત્પન્ન કરવી જોઈએ. તીવ્ર ઠંડી થી ગભરાઈ જવાથી શરીર ખૂબ જ ઝડપથી ગુમાવી દે છે. સુતરાઉ કપડાં પહેરવા જોઈએ એક કરતાં વધુ કપડાં પહેરવાથી પણ ઠંડી થી બચી શકાય છે.વધુ કપડા પહેરવાથી વચ્ચે રહેલી હવાની ગરમીને શરીરમાં ઉડી ઉડી જતા રોકે છે.તેનું કારણ ઉષ્ણતાની મંદવાહક હવા છે. કુત્રિમ રેસા તથા ફાઈબર્સના કપડા શિયાળામાં ન ચાલે.

અતિશય ઠંડી થી ઘણીવાર કરૂણ મોત નિપજ્યા છે. તેને વૈજ્ઞાનિકો હાઈપોમીર્યા કહે છે. ઠંડી થી ચામડી ઝડપથી ફીકી પડવા લાગે છે.વળી ચામડી નજીક આવેલી રક્તવાહિનીઓ ઝડપથી સંકોચવા લાગે છે આવું બને ત્યારે મનુષ્ય જાગૃત થઈ જવું જોઈએ ઠંડીની પહેલી અસર રક્તવાહિનીઓ પર થાય છે.લોહી મગજ માંથી આવતા આદેશ મુજબ તેનું પોતાનું ૯૮.૬ અને ફેરનહીટ ઉષ્ણતાપમાન જાળવી રાખવા પ્રયત્ન કરે છે.અને તેની એ ગરમી વેડફાઈ ન જાય એ માટે રક્તવાહિનીઓમાં વહેતુ લોહી ચામડીની વિરુદ્ધ દિશામાં વહે છે.પરિણામે ચામડીને તાજો લોહી ન મળવાથી તે ફીકી પડવા લાગે છે.આખરે મગજ શરીરની રાસાયણ ક્રિયાઓ પર પોતાનો કાબૂ ગુમાવી દેતા માનવીનું મૃત્યુ નીપજતાં હોય છે.

## સારા..સારાના નારા લાગ્યા, વિરાટે શુભમનને ચિયર કરવા કહ્યું



। મુંબઈ, તા.૩ ।

ભારતીય ક્રિકેટ ટીમે આ વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. અત્યાર સુધી ટીમે એક પછી એક તમામ ૬ મેચ જીતી છે. અને તેની સાતમી મેચમાં તે મુંબઈના વાનખેડે સ્ટેડીયમમાં શ્રીલંકા સામે આવી છે. જેમાં ભારતે શ્રીલંકાને ૩૦૨ રને હરાવીને સેમીફાઈનલમાં પોતાનું સ્થાન બનાવી લીધું હતું. આ મેચ દરમ્યાન ક્રિકેટ ફેન્સ સારા-સારાના નારા લગાવી રહ્યા હતા, પણ વિરાટ કોહલીએ શુભમન ગિલને ચિયર કરવા કહ્યું હતું. શુભમન ગિલ અને સારા તેંડુલકરના રિલેશનની ચર્ચાઓ જગજાહેર છે. પરંતુ આ મુદ્દો ફરી એકવાર સામે આવ્યો છે, તેણે ભારત વિ. શ્રીલંકા વચ્ચેની મેચમાં શાનદાર બેટિંગ કરી હતી. પ્રથમ બેટિંગ કરવા આવેલી ટીમ ઈન્ડિયાએ પોતાની વિકેટ વહેલી તકે આપી દીધી હતી, ત્યારબાદ વિરાટ કોહલી અને શુભમન ગિલે કમાન સંભાળી હતી. શુભમન ગિલ વર્લ્ડ કપમાં તેની પ્રથમ સદી ફટકારવાની નજીક હતો ત્યારે તે ખરાબ શોટનો શિકાર બન્યો હતો. જે બાદ સારા તેંડુલકરનું રીએક્શન સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ગિલે ૯૨ બોલમાં ૯૨ રનની ઈનિંગ પૂરી કરી હતી, આ ઈનિંગમાં ૧૧ ફોર અને ૨ શાનદાર સિક્સ પણ જોવા મળી હતી.

### શ્રીલંકા સામે મોહમ્મદ શમીની ઘાતક બોલિંગ

# પાંચ વિકેટ બાદ શમીએ બોલિંગ કોચ પારસ મહામ્બ્રે તરફ ઈશારો કર્યો હતો

### ઘટનાનો ખુલાસો કરનારા શુભમન ગિલે શમીએ બોલિંગ કોચ તરફ ઈશારો શા માટે કર્યો તેનું કારણ જણાવ્યું ન હતું

। મુંબઈ, તા.૩ ।

મોહમ્મદ શમીએ ગઈકાલે ઘાતક બોલિંગ કરતા શ્રીલંકાની ટીમ ૫૫ રન પર જ ઢેર થઈ હતી અને ભારતે આ મેચ ૩૦૨ રને જીતી હતી. મોહમ્મદ શમીએ મેચમાં પાંચ વિકેટ ઝડપી હતી. તેણે પાંચ વિકેટ ઝડપ્યા બાદ બોલને પોતાના માથ પર રાખીને ડ્રોસિંગ રુમ તરફ ઈશારો કર્યો હતો જે બાદ દરેકના મનમાં એક મોટો પ્રશ્ન હતો કે આ ઈશારો કોના તરફ અને શા માટે કર્યો હતો.

ભારતના ટીમના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીની આગઝરતી બોલિંગથી વર્લ્ડ કપ ૨૦૨૩માં કહેર મચાવ્યો છે. શ્રીલંકા સામેની મેચમાં ફરી એકવાર પાંચ વિકેટ ઝડપીહતી. આ સાથે જ તે આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ વિકેટ ઝડપનાર લિસ્ટમાં છઠ્ઠા નંબરે પહોંચી ગયો છે. ગઈકાલની મેચમાં શમીએ પાંચમી વિકેટ ઝડપતા જ તેણે ડ્રોસિંગ રુમ તરફ એક ઈશારો કર્યો હતો જે બાદ દરેકના મનમાં એક મોટો પ્રશ્ન થયો હતો કે આ ઈશારો કોના તરફ અને શા માટે કર્યો હતો, જો કે આ વાતનો ખુલાસો ભારતીય ટીમના ઓપનર શુભમન ગિલે કર્યો હતો. ગિલે મેચ બાદ જણાવ્યું હતું કે શમીનો આ ઈશારો ભારતીય ટીમના બોલિંગ કોચ પારસ મ્હામ્બરે માટે હતો. જો કે ગિલે શમીએ બોલિંગ કોચ તરફ ઈશારો શા માટે કર્યો તેનું કારણ જણાવ્યું ન હતું. મોહમ્મદ શમીએ ફરી એકવાર શનાદાર પ્રદર્શન કરતા શ્રીલંકા સામે ૫ ઓવરમાં ૧૮ રન આપીને ૫ વિકેટ ઝડપી હતી અને ભારતે ૩૦૨ રનની મોટી જીત નોંધાવી હતી. શમીને તેના પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. આ સાથે જ ભારતે વર્લ્ડ કપ ૨૦૨૩માં સતત સાતમી મેચ જીતી હતી.

### શરૂઆતની મેચોમાં પડતાં મુકાયા બાદ શમીએ જણાવ્યું સફળતાનું રહસ્ય

## હું યોગ્ય જગ્યાએ બોલ નાખવાનો પ્રયાસ કરી રહ્યો છું : મોહમ્મદ શમી

। નવી દિલ્હી, તા.૩ ।

ભારતીય ક્રિકેટ ટીમે ICC ODI વર્લ્ડ કપની સેમિફાઈનલમાં સતત ૭ મેચ જીતીને ગર્વભેર જગ્યા બનાવી છે. ૨ નવેમ્બર ગુરુવારે રમાયેલી મેચમાં ભારતે શ્રીલંકાને એકતરફી રીતે હરાવ્યું હતું. મોહમ્મદ શમી એ જ બોલર છે જેને વર્લ્ડ કપની પ્રથમ ૪ મેચોમાં ટીમ ઈન્ડિયાની બહાર રાખવામાં આવ્યો હતો. પરંતુ ત્યાર બાદ ટીમમાં આવતાની સાથે જ તેણે ટીમ ઈન્ડિયા માટે મેચો જીતવાનું અને વિકેટો ખેરવવાનું શરૂ કરી દીધું હતું. શમીએ શ્રીલંકા સામે ૫ વિકેટ લીધી હતી. મેચ બાદ તેણે પોતાના શાનદાર પ્રદર્શનનું રહસ્ય જણાવ્યું. મેચ પછીના પ્રેઝન્ટેશનમાં વાત કરતી વખતે મોહમ્મદ શમીએ કહ્યું હતું કે, “હું યોગ્ય જગ્યાએ બોલ નાખવાનો પ્રયાસ કરી રહ્યો છું. યોગ્ય લય પકડવાનો પ્રયાસ કરી રહ્યો છું. કારણ કે જો તમે મોટી ટૂર્નામેન્ટમાં તમારું



ફોર્મ ગુમાવો છો તો તમારા માટે વાપસી કરવી ખૂબ મુશ્કેલ બની જાય છે. અત્યારે મારું ધ્યાન યોગ્ય લેન્થ પર બોલિંગ કરવા પર છે. તમને સાચું કહું તો આ આખો આઈડિયા ઘણા અંશે કામ કરી રહ્યો છે સફળતા મળી રહી છે. શમીએ આગળ કહ્યું હતું કે, “મારું પ્રદર્શનપ તે રોકેટ સાયન્સ નથી. તે માત્ર લયની બાબત છે. અમારા માટે સૌથી મહત્વની બાબત એ છે કે તમને લોકોનો પ્રેમ મળે.

### સૌરવ ગાંગુલી પોતાના ભાઈના સમર્થનમાં આવ્યો

# ઈડન ગાર્ડન ટિકિટ ગોટાળામાં કેબની કોઈ ભૂમિકા નથી : પૂર્વ અધ્યક્ષ સૌરવ ગાંગુલી

### કેબ પર જાણીજોઈને સામાન્ય જનતા માટે ઉપલબ્ધ ટિકિટોનો મોટો હિસ્સો અલગ રાખી દીધો છે તેવો આરોપ

। નવી દિલ્હી, તા.૩ ।

ભારતીય ક્રિકેટ બોર્ડના (બીસીસીઆઈ)ના પૂર્વ અધ્યક્ષ સૌરવ ગાંગુલી ગઈ કાલે પોતાના મોટા ભાઈ અને બંગાળ ક્રિકેટ સંઘના અધ્યક્ષ સ્નેહાશીષ ગાંગુલીના સમર્થનમાં સામે આવ્યા હતા. તેમણે કહ્યું કે, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે અહીં યોજાનારા વિશ્વ કપ મુકાબલાના ટીકિટ વિવાદમાં રાજ્ય સંઘની કોઈ ભૂમિકા નથી. એક ચાહક દ્વારા મેદાન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ પર કાર્યવાહી કરતા કોલકાતા પોલીસે બુધવારે સ્નેહાસીશને આ આરોપો બાદ સમન્સ પાઠવ્યુ કે, કેબ એ જાણીજોઈને સામાન્ય જનતા માટે ઉપલબ્ધ ટિકિટોનો મોટો હિસ્સો અલગ રાખી દીધો હતો અને તેને વ્યક્તિગત લાભના ઈરાદાથી કાળાબજારી કરનારાને વેચી દીધી હતી. બીસીસીઆઈ અને ઓનલાઈન પોર્ટલ બુકમાયશૉપર પણ આરોપ લગાવવામાં આવ્યા હતા. ઈડન ગાર્ડન્સની મુલાકાત દરમિયાન ગાંગુલીએ કહ્યું કે, પોલીસ ગુનેગારોને પકડી શકે છે. આમાં કેબની કોઈ ભૂમિકા નથી. ઈડનમાં ૬૭ હજાર લોકોની ક્ષમતા છે અને માંગ એક લાખથી વધુ છે. તેના મોટા ભાઈ સાથે લગભગ બે કલાક સુધી બેઠક કરનાર ગાંગુલીએ કહ્યું કે, આવું દરેક જગ્યાએ થાય છે ટિકિટની માંગ એટલી છે કે તમે તેને પૂરી ન કરી શકો. આના પર બીજા કોઈનું નિયંત્રણ નથી માત્ર પોલીસ જ તેને રોકી શકે છે. કેબના કેટલાક આજીવન સદસ્યોને પણ ટિકિટ ન મળી જેના કારણે તેઓ પણ ખુશ નથી. કેબ ના લગભગ ૧૧ હજાર સદસ્યો છે જેમાં આજીવન, સહયોગી અને વાર્ષિક સદસ્યો સામેલ છે. ભૂતપૂર્વ ભારતીય કેપ્ટને કહ્યું કે, કેબના સંવિધાનમાં ક્યાંય એવું લખેલું



નથી કે આજીવન સભ્યને આજીવન ટિકિટ મળશે. કેબ એ ખરેખર ૩૦૦૦ ટિકિટો આપી છે. ભારત-દક્ષિણ આફ્રિકા મેચની ટિકિટની સૌથી ઓછી કિંમત રૂ. ૯૦૦ છે જે કાળા બજારમાં રૂ. ૫૦૦૦ની આસપાસ વેચવામાં રહી છે. આ ઉપરાંત ૩૦૦૦, ૨૫૦૦ અને ૧૫૦૦ રૂપિયાની ટિકિટ પણ છે. મંગળવારના રોજ ન્યૂ આલીપોરનો રહેવાસી ટિકિટનું બ્લેક માર્કેટિંગ કર રહ્યો હતો ત્યારે તે પકડાય ગયો હતો. મેમ્બરશિપ ટિકિટ ઓનલાઈન કરવા બદલ પણ લોકો કેબથી પણ નારાજ છે.



કોલકાતામાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે વર્લ્ડ કપ મેચ પહેલા ટિકિટ કાઉન્ટર પર ટિકિટ લેવા માટે ક્રિકેટ પ્રેમીઓની ભીડ જોવા મળી હતી.

### શ્રીલંકા સામેની મેચમાં કોહલીએ ૮૮ રન બનાવ્યા

# ભારત માટે સૌથી વધુ મેચમાં વિજય મેળવનારો વિરાટ પ્રથમ બેટસમેન

### કોહલીએ સચિન અને સૌથી સફળ કેપ્ટન ધોનીને પણ પાછળ રાખીને ભારત માટે સૌથી સફળ ખેલાડી બની ગયો

। મુંબઈ, તા.૩ ।

ભારતે ગઈકાલે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૩૩મી મેચમાં શ્રીલંકા સામે ૩૦૨ રને મોટી જીત મેળવી હતી. આ જીત સાથે જ વિરાટ કોહલીએ દિગ્ગજ ખેલાડી સચિન તેંડુલકર અને સૌથી સફળ કેપ્ટન ધોનીને પાછળ રાખીને ભારત માટે સૌથી સફળ ખેલાડી બની ગયો છે. વિશ્વમાં તેનાથી આગળ ફક્ત પોન્ટિંગ અને જયવર્ધને જ છે.



વિરાટ ભારત માટે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મેચ જીતનાર ખેલાડી બની ગયો છે. કોહલી ટેસ્ટ, વનડે અને ટી૨૦ મળીને કુલ ભારત માટે ૫૧૪ આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂક્યો છે જેમાં ટીમે ૩૦૮ મેચ જીતી છે જ્યારે ૧૬૬ મેચ ભારત હાર્યું છે. આ ઉપરાંત ૭ મેચ ટાઈ જ્યારે ૨૧ મેચ ડ્રો રહી અને ૧૨ મેચ અનિર્ણિત રહી હતી. વિરાટ બાદ સચિન તેંડુલકરનું નામ આવે છે જેણે ભારત માટે કુલ ૬૬૪ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી જેમાં ૩૦૭માં જીત અને ૨૫૬ મેચમાં ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો.

### વોટ્સએપે તેના માસિક અનુપાલન અહેવાલમાં જણાવ્યું

# વોટ્સએપે એકસાથે ૭૧ લાખથી વધુ ભારતીય એકાઉન્ટ બંધ કર્યા

### કંપનીને સપ્ટેમ્બરમાં દેશમાં ફરિયાદ અપીલ સમિતિ તરફથી છ ઓર્ડર મળ્યા હતા અને તેનું પાલન કર્યું હતું

। નવી દિલ્હી, તા.૩ ।

મેટા-માલિકીવાળી WhatsAppએ નવા IT નિયમો ૨૦૨૧ના પાલનમાં સપ્ટેમ્બર મહિનામાં ભારતમાં ૭૧ લાખથી વધુ ઠગ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો હતો. કંપનીએ ૧ થી ૩૦ સપ્ટેમ્બર વચ્ચે ૭૧,૧૧,૦૦૦ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો હતો. વ્હોટ્સએપે તેના માસિક અનુપાલન અહેવાલમાં જણાવ્યું હતું કે આમાંથી લગભગ ૨૫,૭૧,૦૦૦ એકાઉન્ટ્સને વપરાશકર્તાઓ તરફથી કોઈપણ રિપોર્ટ્સ પહેલાં સક્રિયપણે પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. દેશમાં ૫૦ કરોડથી વધુ યુઝર્સ ધરાવતા સૌથી લોકપ્રિય મેસેજિંગ પ્લેટફોર્મને સપ્ટેમ્બરમાં દેશમાં રેકોર્ડ ૧૦,૪૪૨ ફરિયાદ રિપોર્ટ્સ પ્રાપ્ત થઈ હતી, જેમાંથી ૮૫ પર કાર્યવાહી કરવામાં આવી હતી. એકાઉન્ટ્સ એક્શન્ડએ એવા અહેવાલોનો ઉલ્લેખ કરે છે જ્યાં WhatsAppએ રિપોર્ટના આધારે ઉપાયાત્મક પગલાં લીધાં અને પગલાં લેવાનો અર્થ છે કાં તો



એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકવો અથવા અગાઉ પ્રતિબંધિત એકાઉન્ટને પુનઃસ્થાપિત કરવું. કંપનીના જણાવ્યા અનુસાર, આ યુઝર-સેફ્ટી રિપોર્ટમાં યુઝરની ફરિયાદો અને WhatsApp દ્વારા લેવામાં આવેલા પગલાંની વિગતો તેમજ અમારા પ્લેટફોર્મ પર દુરુપયોગને દૂર કરવા માટે WhatsAppના પોતાના નિવારક પગલાંનો સમાવેશ થાય છે. વધુમાં, કંપનીને સપ્ટેમ્બરમાં દેશમાં ફરિયાદ અપીલ સમિતિ તરફથી છ ઓર્ડર મળ્યા હતા અને તેનું પાલન કર્યું હતું. લાખો ભારતીય સોશિયલ મીડિયા વપરાશકર્તાઓને સશક્ત બનાવવા માટે, કેન્દ્રએ તાજેતરમાં ગ્રીવન્સ એપેલેટ કમિટી શરૂ કરી છે. જે સામગ્રી અને અન્ય મુદ્દાઓ અંગે તેમની ચિંતાઓ પર ધ્યાન આપે છે. નવી રચાયેલી પેનલ, બિગ ટેક કંપનીઓ પર લગામ લગાવવા માટે દેશના ડિજિટલ કાયદાને મજબૂત કરવા તરફનું એક પગલું, સોશિયલ મીડિયા પ્લેટફોર્મના નિર્ણયો સામે વપરાશકર્તાઓ દ્વારા કરવામાં આવેલી અપીલ પર ધ્યાન આપશે. ઉપરાંત, વપરાશકર્તાઓ તરફથી મળેલી ફરિયાદોની સમીક્ષા કર્યા પછી પણ, ઘણા કેસોમાં કાર્યવાહી કરવામાં આવી ન હતી. આમાં પ્રતિબંધિત એકાઉન્ટને પુનઃસ્થાપિત કરવાની વિનંતીને નકારવા અથવા એકાઉન્ટ સામે ફરિયાદ કરવામાં આવી છે તે હકીકત એ છે કે ભારતીય કાયદા અથવા WhatsAppની સેવાની શરતોનું ઉલ્લંઘન કર્યું નથી જેવા કેસો સામેલ છે. વોટ્સએપે ઓગસ્ટમાં ૭૪ લાખ એકાઉન્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો. મોટા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ અપ્રિય ભાષણ, ખોટી માહિતી અને નકલી સમાચાર ફેલાવવા માટે થાય છે.

### સેંકડો જવાનોને એરલિફ્ટ કરી મોરેહ લવાયા



। ઈમ્ફાલ, તા.૩ ।

વરિષ્ઠ પોલીસ અધિકારીની હત્યા બાદ મણિપુરમાં સુરક્ષાદળો એક્શનમાં આવી ગયા છે. અહેવાલ છે કે આસામ રાઈફલ્સના સેંકડો જવાનોને એરલિફ્ટ કરી મોરેહ લવાયા છે. અહીં સુરક્ષાદળો ઉગ્રવાદીઓ સામે કડક કાર્યવાહી કરી રહ્યા છે. ખાસ કરીને મ્યાનમારથી આવેલા ઘૂસણખોરોને નિશાન બનાવાઈ રહ્યા છે. આશંકા વ્યક્ત કરાઈ રહી છે કે આ ઘૂસણખોરો અધિકારીની હત્યામાં સામેલ હોઈ શકે છે.

### અઝીમ પ્રેમજી બીજા સ્થાન પર

# ૨૦૪૨ કરોડ રૂપિયા દાન કરીને શિવ નાદર બન્યા દેશના સૌથી મોટા દાનવીર

### મુકેશ અંબાણી દાનના મામલે ત્રીજા સ્થાને છે, તેમણે રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ૩૭૬ કરોડનું દાન કર્યું છે

। નવી દિલ્હી, તા.૩ ।

દેશની અગ્રણી IT કંપની HCL Technologies ના સ્થાપક અને અધ્યક્ષ શિવ નાદર સૌથી મોટા દાનવીર બન્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૩ દરમિયાન શિવ નાદરે ૨૦૪૨ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે, જે પાછલા નાણાકીય વર્ષ કરતાં ૭૬ ટકા વધુ છે. બિઝનેસ સ્ટાન્ડર્ડના રિપોર્ટ અનુસાર, એડલગીવ Hurun India Philanthropy List ૨૦૨૩ અનુસાર, શિવ નાદર ૨૦૪૨ કરોડ રૂપિયાનું દાન આપીને દેશના સૌથી દાનવીર બની ગયા છે. તેમણે ૨૦૨૨-૨૩ નાણાકીય વર્ષ દરમિયાન દરરોજ સરેરાશ ૫.૬ કરોડ રૂપિયાનું દાન કર્યું છે. શિવ નાદર પછી વિપ્રોના અઝીમ પ્રેમજી બીજા સ્થાને છે. તેમણે ૨૦૨૨-૨૩માં કુલ ૧૭૭૪ કરોડ રૂપિયાનું દાન કર્યું છે. જે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ કરતા ૨૬૭ ટકા વધુ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી દાનના મામલે ત્રીજા સ્થાને છે. તેમણે રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ૩૭૬ કરોડ રૂપિયાનું દાન કર્યું છે. ઝેરોધાના નિખિલ કામથ સૌથી યુવા દાતા બન્યા છે. તે ૧૨મા સ્થાને છે અને તેમણે ૧૧૨ કરોડ રૂપિયાનું દાન કર્યું છે. રોહિણી નીલેકણી મહિલા દાતાઓમાં પ્રથમ ક્રમે છે અને તેમણે ૧૭૦ કરોડ રૂપિયાનું દાન કર્યું છે. EdelGive Hurun India Philanthropy List ૨૦૨૩ અનુસાર તેઓ ૧૦મા ક્રમે છે.

# ૨૦૨૬થી કાયમી ઈમિગ્રન્ટ્સ નહીં વધારવા કેનેડાનો નિર્ણય

। ટોરેન્ટો, તા.૩ ।

દર વર્ષે કેનેડામાં સ્થાયી થવા માટે લોકો સપનું જોતા હોય છે તેમા પણ ભારતમાંથી કેનેડા સ્થાયી થતા લોકોની સંખ્યા ઘણી વધારે છે ત્યારે હવે કેનેડામાં કાયમી રહેવાસી બનાવનું સપનું જોનારાને એક મોટો ઝટકો લાગી શકે છે. કેનેડાની સરકારે ૨૦૨૬થી કાયમી ઈમિગ્રન્ટ્સની સંખ્યામાં વધારો નહીં કરવાનો નિર્ણય કર્યો છે.

મીડિયા અહેવાલો અનુસાર, કેનેડા સરકાર ૨૦૨૪માં ૪,૮૫,૦૦૦ પરમેનન્ટ રેસિડેન્ટને તેમજ ૨૦૨૫માં આ સંખ્યા વધારીને પાંચ લાખ સ્થાયી કરવાનું લક્ષ્ય છે. જો કે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને અસ્થાયી કામદારો માટે અન્ય શ્રેણીઓમાં ફેરફારો કરવામાં આવી શકે છે. મળતી માહિતી અનુસાર, ઈમિગ્રેશનમાં થયેલા વધારાના કારણે કેનેડાના ઘરોમાં મુશ્કેલી થઈ રહી છે. દેશમાં ઈમિગ્રેશનના વધારાથી સ્વાસ્થ્ય સંબંધિત સુવિધાઓમાં ઘટાડો અને વધતી મોંઘવારી સંકટ ઉભું કરી રહ્યું છે.

આ કારણે કેનેડિયન નાગરીકો આ વાતને લઈ નારાજગી વ્યક્ત કરી છે. સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ નિર્દેશમાં કહેવામાં આવ્યું છે કે, આવાસ, આરોગ્ય અને અન્ય પાયાની સુવિધાઓ પર મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે.

## તંત્રી લેખ...

# યોગ મન અને શરીર માટે સારું છે

મોટાભાગના લોકો યોગને એક પ્રકારની કસરત તરીકે જાણે છે જેનો હેતુ તાકાત અને લવચીકતા વિકસાવવાનો છે. યોગની પ્રેક્ટિસ કરવા માટે, તમે ‘મુદ્રાઓ’ની શ્રેણી શીખો છો, જ્યાં તમે તમારા શરીરને અલગ-અલગ સ્થિતિમાં મૂકો છો. યોગ્ય શ્વાસ લેવાનું પણ મહત્વનું છે. જો કે, યોગ ખરેખર માત્ર કસરત કરતાં વધુ છે. ૨૦૧૪ માં, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્રને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ બનાવવા માટે કહ્યું હતું કે યોગ ‘વ્યાયામ વિશે નથી પરંતુ તમારી જાત સાથે, વિશ્વ અને પ્રકૃતિ સાથે એકતાની ભાવના શોધવાનો છે’. તેમને લાગ્યું કે યોગ લોકોને માત્ર સ્વસ્થ રહેવામાં જ મદદ કરી શકતું નથી પણ લોકોને એકબીજા સાથે અને પ્રકૃતિ સાથે જોડવામાં પણ મદદ કરી શકે છે. યોગ મન અને શરીર માટે સારું છે. યોગનો નિયમિત અભ્યાસ લોકોને તેમના સંતુલન અને સહનશક્તિને સુધારવામાં મદદ કરે છે. જો કે તમે ખરેખર શ્વાસ છોડશો નહીં, જેમ કે તમે ફૂટબોલ રમી શકો છો અથવા દોડી શકો છો, તે તમારા હૃદયને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે અને તમે વજન ઘટાડી શકો છો. તે પીઠના દુખાવામાં પણ મદદ કરી શકે છે. યોગમાં શીખવવામાં આવતા શ્વાસ લોકોને તણાવ અને ચિંતા ઘટાડવામાં મદદ કરી શકે છે. તમે કરી શકો તેવી ઘણી બધી વિવિધ સંભવિત શ્વસન પદ્ધતિઓ છે. યોગ એકાગ્રતામાં પણ સુધારો કરે છે અને લોકોને વધુ સારી રીતે ઊંઘવામાં મદદ કરે છે, તેથી જે કોઈપણ કામ પર અથવા તેમના અભ્યાસમાં દબાણ હેઠળ હોય તેમના માટે તે ઉત્તમ છે. યુનાઈટેડ નેશન્સ સંમત થયા, અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ હવે ૨૧ જૂને ઉજવવામાં આવે છે. યોગનો ઈતિહાસ ઓછામાં ઓછો ૫,૦૦૦ વર્ષ જૂનો છે અને કેટલાક લોકો દાવો કરે છે કે તે લગભગ ૧૦,૦૦૦ વર્ષ પહેલાંનો છે. તે સૌપ્રથમ ઉત્તર ભારતમાં વિકસાવવામાં આવ્યું હતું અને આ તબક્કે આધ્યાત્મિક તેમજ શારીરિક કસરતનું સ્વરૂપ હતું, જે હિન્દુ અને બૌદ્ધ ધર્મ બંને સાથે જોડાયેલું હતું. ૧૯મી સદીના અંતમાં અને ૨૦મી સદીની શરૂઆતમાં, જ્યારે સ્વામી વિવેકાનંદે ૧૮૯૩માં શિકાગોમાં યોજાયેલી કોન્ફરન્સમાં યોગ વિશે વાત કરવા માટે યુનાઈટેડ સ્ટેટ્સની યાત્રા કરી ત્યારે યોગનો પશ્ચિમી વિશ્વમાં પરિચય થયો. અન્ય લોકોએ ૧૯૨૦ અને ૧૯૩૦ના દાયકામાં અનુસર્યું અને ૧૯૬૦ના દાયકામાં યોગનો પ્રારંભ થયો. યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપમાં કસરતનું ખૂબ જ લોકપ્રિય સ્વરૂપ બની ગયું છે. મોટાભાગના લોકો જે આજે યોગ કરે છે તે આધ્યાત્મિક કારણોસર નથી કરતા. યોગના ઘણાં વિવિધ પ્રકારો છે, તેથી તમે પસંદ કરી શકો છો કે તમારા માટે શ્રેષ્ઠ શું છે. હઠ યોગ ઘણીવાર નવા નિશાળીયા માટે સારો હોય છે, કારણ કે તમે દરેક પદને થોડા શ્વાસો સુધી પકડી રાખો છો. વિન્યાસા યોગમાં તમે સ્થિતિ વધુ ઝડપથી બદલો છો અને કદાચ તમે શ્વાસમાંથી બહાર નીકળી શકો છો. જો તમે પહેલા વધારે યોગ ન કર્યા હોય તો તે ખૂબ જ પડકારજનક છે. બિક્રમ યોગને કેટલીકવાર ‘હોટ યોગ‘ કહેવામાં આવે છે, કારણ કે રૂમ લગભગ ૪૦ ડિગ્રી સુધી ગરમ હોવો જોઈએ. યોગના આ અને અન્ય પરંપરાગત સ્વરૂપોની સાથે સાથે, યોગના કેટલાક વધુ અસામાન્ય આધુનિક સ્વરૂપો પણ છે. ઉદાહરણ તરીકે, તમે ‘લાફ્ટર યોગા’નો આનંદ માણી શકો છો, જ્યાં લોકો શ્વાસ લેવાની કસરત કરે છે અને ખાસ કરીને કંઈપણ વિશે હસતા નથી - હસવું તમારા સ્વાસ્થ્ય માટે ખૂબ સારું છે. અથવા ‘ડોગા’, જ્યાં તમે તમારા પાલતુ કૂતરા સાથે યોગ કરો છો? ‘એરોયોગ’ વિશે શું, જ્યાં તમે છત પરથી લટકતા હો ત્યારે યોગ કરો છો? તે તમારી પીઠ માટે ખૂબ જ સારું માનવામાં આવે છે.

# જાણો દિવાળીના પાંચ દિવસો વિશે

દિવાળી એ પ્રકાશનો તહેવાર છે જે દક્ષિણ એશિયામાં ઉદ્દભવ્યો હતો અને પાંચ દિવસ સુધી ઉજવવામાં આવે છે. દર વર્ષે તારીખો બદલાય છે, પરંતુ તે હંમેશા ઓક્ટોબર અથવા નવેમ્બરમાં ઉજવવામાં આવે છે અને હવે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. દિવાળી શબ્દ દીપાવલી પરથી આવ્યો છે, જેનો અર્થ થાય છે ‘પ્રકાશિત દીવાઓની પંક્તિઓ’. તહેવાર દરમિયાન, આ દીવાઓ, જેને દિયા કહેવામાં આવે છે, દરેક જગ્યાએ ઉપયોગમાં લેવાય છે. તેઓ અંધકાર પર પ્રકાશની જીત અથવા અનિષ્ટ પર સારાનું પ્રતીક છે. દિવાળી વિવિધ પ્રદેશોમાં અને વિવિધ ધર્મો દ્વારા અલગ અલગ રીતે ઉજવવામાં આવે છે અને ભારત, શ્રીલંકા, નેપાળ, મ્યાનમાર, સિંગાપોર, મલેશિયા, મોરેશિયસ, ફિજી, ગયાના, સુરીનામ અને ત્રિનિદાદ અને ટોબેગો સહિતના ઘણા દેશોમાં બેંક રજા છે. તેને ઘણીવાર હિંદુ તહેવાર માનવામાં આવે છે, પરંતુ હકીકતમાં તે શીખ, જૈન અને નેવારી બૌદ્ધો દ્વારા પણ ઉજવવામાં આવે છે. દિવાળીના પાંચ દિવસોમાં બનતી કેટલીક બાબતો અહીં છે. પ્રથમ દિવસ નસીબ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, બંને સારા નસીબ અને પૈસા અથવા કીમતી વસ્તુઓ. લોકો એ બતાવવા માટે પૈસા ધોઈ શકે છે કે તેઓ તેનો ઉપયોગ વિશ્વમાં સારું કરવા માટે કરવા માગે છે. આ દિવસ એવા લોકોને મદદ કરવા માટે પણ છે જેઓ ખૂબ જ ખરાબ નથી. સોનું અને ચાંદી અને અન્ય ધાતુઓ ખરીદવા માટે આ એક ભાગ્યશાળી દિવસ છે, તેથી લોકો ઘણીવાર ઘરેણાં અથવા કાર અથવા ધાતુની બનેલી કોઈપણ વસ્તુ ખરીદે છે. સાંજે સંપત્તિ અને સમૃદ્ધિની દેવી લક્ષ્મીના સ્વાગત માટે તૈયાર છે. હિંદુ કથાઓ અનુસાર આ દિવસે રાક્ષસ નરકાસુરનો વધ થયો હતો. આ દિવસ કંઈપણ ખરાબથી છુટકારો મેળવવાનો છે. લોકો વહેલા ઉઠે છે અને ધોઈને સ્વચ્છ કે નવા કપડા પહેરે છે. તે પછી, તેઓ તેમના મિત્રો અને પરિવાર સાથે ખાસ નાસ્તો કરીને ઉજવણી કરશે. આ દિવસ, જેને છોટી દિવાળી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે મિત્રો, વ્યવસાયિક સહયોગીઓ અને સંબંધીઓની મુલાકાત લેવા અને ભેટોની આપ-લે કરવાનો દિવસ છે. મોટાભાગના પ્રદેશોમાં, આ તહેવારનો સૌથી મહત્વપૂર્ણ દિવસ છે. ભારતના ઘણા પ્રદેશોમાં તે વર્ષનો છેલ્લો દિવસ છે. કથા એવી છે કે આ દિવસે ભગવાન રામે પોતાની પત્ની સીતાને રાવણથી બચાવી હતી. મીણબત્તીઓ તેની જીતની ઉજવણી કરવા અને યુદ્ધ પછી તેના ઘરે જવા માટે પ્રગટાવવામાં આવે છે. સાંજે લોકો ફટાકડા ફોડી શકે છે. અન્નકુટનો અર્થ થાય છે ‘ભોજનનો પર્વત’. હિંદુઓ નવા વર્ષની શરૂઆતની ઉજવણી કરવા માટે ઘણો ખોરાક તૈયાર કરે છે અને તેને મંદિરમાં લઈ જાય છે. દિવાળીના સમગ્ર સમયગાળા દરમિયાન ખોરાક મહત્વપૂર્ણ છે. આ દિવાળીનો છેલ્લો દિવસ છે, અને તે ક્યારેક ભાઈ અને બહેનના સંબંધોની ઉજવણી પણ કરે છે. ભાઈઓ તેમની પરિણીત બહેનોના ઘરે જઈ શકે છે, અને તેઓ ભેટો લેશે.

# સ્વસ્તિક એ દશે દિશામાં શુભને વિસ્તારવા માટે દોરાતુ ચિન્હ છે, સ્વસ્તિકને હિન્દુ સનાતન ધર્મમાં ખૂબ મહત્વ અપાયું છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે ઈશ્વર.

દિવાળીના તહેવારમાં લોકો લક્ષ્મી આવે એ માટે બારણે શુભ લાભ ને સ્વસ્તિ કે ૐ ના સ્ટીકર લગાડે છે. આમ શુભ કે શુકનવંતુ બતાવવા માટે અમુક પ્રતિકનો ઉપયોગ થાય છે. ભારતીય સંસ્કૃતિમાં શુભ ને ઘણું મહત્વ દેવામાં આવ્યું છે, શુભ એટલે જેમાં આપણા એકલા નું નહીં પણ સર્વ નો લાભ સમાયેલો હોય એને શુભ કહેવાય છે.અને એની માટેનાં પ્રતિકો પણ આપણે ત્યાં ઉપયોગમાં લેવામાં આવે છે. તો આપણે પણ આ દિવાળીએ માત્ર આપણું નહીં સર્વ નું હિત વિચારીને આ પ્રણાલી ને નિભાવીશું. શુભ વસ્તુ તરફ નિર્દેશ કરવા માટેનું એક પ્રતીક સ્વસ્તિક એટલે સાથિયો પણ છે. ભારતીય પરંપરામાં સ્વસ્તિક એટલે કે સાથિયો શુભનાં પ્રતીક તરીકે માનવામાં આવે છે, અને લગભગ દરેક હિંદુના ઘરમાં સાથીયાનુ સ્થાન છે. એમાં પણ ઉંબર પૂજામાં મધ્યમાં સ્વસ્તિક દોરવામાં આવે છે, અને આજુબાજુ બે લક્ષ્મીના પગલા દર્શાવવામાં આવે છે, જે અમારા નાગર પરિવારમાં લગભગ દરેક સ્ત્રી આ પરંપરા નિભાવતી જોવા મળે છે, પરંતુ હવે તો ઘરમાંથી ઉંબર જ નીકળી ગયાં! હકીકતમાં અનીતિ ને રોકવા ઉંબરની રચના કરવામાં આવી હતી,ખેર છોડો.

સ્વસ્તિક મુખ્યત્વે શુભ અને કલ્યાણકારી ભાવનાનું પ્રતિક છે, તેમાં ઊભા સ્થંભ તારીખે જે લીટી દોરવામાં આવે છે તે જ્યોતિર્લિંગનું પ્રતીક માનવામાં આવે છે, અને આડી લીટી છે તે વિષ્ણુ છે, આ ઉપરાંત ચાર બાજુઓને વિષ્ણુના ચાર હાથ તરીકે પણ જોવામાં આવે છે. કોઈ વાર કોઈ જગ્યાએ સ્વસ્તિકને ગણેશના પ્રતિક સ્વરૂપે પણ ગણવામાં આવે છે, કારણ કે ગણેશને મંગલતાનુ ખુદ શિવ દ્વારા વરદાન આપવામાં આવ્યું હતું. પરંતુ ચારેય દિશામાં વિષ્ણુ અને આપણે ત્યાં વિષ્ણુ ને અનંત પણ કહેવામાં આવે છે. એટલે કે આડી ઉભી બધી જ રીતે દશે દિશાઓમાં જે અન્યનાં પોષણનું વિચારે એવા કલ્યાણકારી ભાવને મધ્યસ્થ રાખવામાં આવે તો બધું જ શુભ છે, એટલે કે પોષણ કરતાં ભાવ મધ્યસ્થ અને વિસ્તૃત હોવો જોઈએ. સ્વસ્તિક આપણે ત્યાં લાલ કુમકુમ કે સિંદૂરથી કરવામાં આવે છે, અને લાલ રંગ આપણે ત્યાં પ્રેમનો સ્વીકારવામાં આવ્યો છે. સિંદૂર આપણે ત્યાં સુહાગન સ્ત્રીઓ પોતાની સેંથીમાં પૂરે છે, એટલે કે સમર્પણના પ્રતીક તરીકે સિંદૂરને સ્વીકારવામાં આવ્યું છે, તો પ્રેમ અને સમર્પણથી જેમ પરિવારનાં પોષણનું વિચારીને સ્ત્રી સતત જીવે છે, એનેજ આ શુભનાં દર્શન થઈ શકે. અથવા તો એની માટે જે બધું થાય છે તે શુભ છે, એવું સ્વીકારવું કે તેવો વિશ્વાસ કરવો એ સહેલું બને છે. આવા મંગલ અને કલ્યાણકારી વિચારોથી આ પ્રતીક સદીઓથી આપણે ત્યાં પરંપરાગત રીતે ઉંબર પૂજામાં તેને દોરી અને ઘરની સ્ત્રી સર્વના કલ્યાણની ભાવના મધ્યસ્થ રાખી, જીવવાનો સંકલ્પ કરે છે એવું પણ કહી શકાય. આ ઉપરાંત બધી પૂજન વિધિમાં પણ મુખ્ય શુભ હેતુ માટે સ્વસ્તિકનું પ્રતિક દોરવામાં આવે છે.

અહીં ઘટતી દરેક ઘટના શુભ છે, પરંતુ માનવી પોતાની બુદ્ધિનાં તણખલાથી ઘટનાઓને પોતાની રીતે ચીતરે છે, અને એમાં જ જીવન ડહોળાઈ જાય છે. આપણે ત્યાં કોઈના લગ્ન હોય તો એને શુભ ઘડી તરીકે માનવામાં આવે છે, કોઈ ઘરનું વાસ્તુ પૂજન હોય તો એને શુભ ઘડી કહેવામાં આવે છે, જનોઈ હોય તો એને શુભ કહેવામાં આવે છે, અન્ય કોઈ લગ્ન તિથિ કે જન્મદિન હોય તો એને શુભ કહેવામાં આવે છે, કે પછી અન્ય સિદ્ધિ સફળતાને પણ શુભ કહી શકાય છે. પરંતુ મૃત્યુને આપણે ત્યાં શુભ કહેવામાં આવતું નથી, એના વિશે સૂક્ષ્મ ચિંતન કરતા એક સ્પષ્ટ તારણ નીકળે છે કે, આ બધી જ ઘટનાઓ માનવીને સતત ભોગમાં પ્રવૃત્ત રાખે છે! શું એટલે એને શુભ માનવામાં આવે છે? ના, હકીકતમાં એ તેનો મુખ્ય હેતુ હતો નહીં. એટલે કે લગ્ન એ માત્ર બે વ્યક્તિના નહીં પણ પરિવારનાં મિલનનીની વાત છે, અને એ રીતે અંદરોઅંદર પ્રેમની ભાવના ના ગુણાકારથી સમાજમાં વધુને વધુ દ્રઢ બને, એટલે તેને શુભ માનવામાં આવે છે. આ ઉપરાત આ દંપતી પોતાના મૂળ ભાવ એટલે કે પ્રેમનો વંશ વધે એવી સંતતિ દ્વારા સમાજમાં આ ભાવના વધુ દઢ થશે, એટલે તે ઘડી શુભ.

વાસ્તુપૂજનમાં પણ આવા જ કંઈક અર્થ જોયા, એટલે કે મુખ્યત્વે હૃદયનાં સંબંધોમાં પ્રેમનું મહત્વ વધે, એ ઘડીને શુભ ઘડી કહેવામાં આવી છે. જનોઈ એટલે કે યજ્ઞોપવિત નામના પવિત્ર સંસ્કાર મુજબ યુવકે સંસારમાં રહીને સંન્યાસ જેવું સંયમી જીવન જીવવાનું હોય તો શુભ તત્વ પ્રાપ્ત થાય. પણ મૃત્યુને શુભ તરીકે સ્વીકારવામાં આવતું નથી, હકીકતમાં આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્ત કરનારી આ ઘટના સૌથી વધુ શુભ છે. આ ઉપરાંત દિવ્ય ચેતના ચૈતન્યમાં ભળી જવાની છે,એ રીતે પણ એ શુભ છે,અને શરીર રુપે રહેલા પંચમહાભૂત તત્વ પણ પ્રકૃતિના પંચમહાભૂતમાં વિલિન થઈ જાય છે, એટલે કે નિર્વાણ પણ શુભ છે. મૃત્યુ એ શાશ્વત સત્ય છે, અને એ સત્યને સ્વીકારમાં શુભ સમાયુ છે, એ જ્યારે આપણી દૃષ્ટિને દેખાય, ત્યારે બધી જ ઘટના શુભ માટે ઘટી રહી છે, અથવા અહીં જે કંઈ થઈ રહ્યું છે એ સર્વના કલ્યાણ માટે જ થઈ રહ્યું છે, આપણી દ્રષ્ટિના વિકાર કે મર્યાદા આ સત્ય આપણને જોવા દેતી નથી.

શુભ અને અશુભનો ફેસલો માનવી જ્યાં સુધી પોતાને હસ્તક રાખશે, ત્યાં સુધી તેને આ સમસ્યા નડશે. હવે દાખલા તરીકે કોઈ પરિવારમાં કોઈ સ્વજનનું મૃત્યુ થયું, દેખીતી રીતે એ ઘટનામાંથી શુભ કેમ તારવી શકાય! કોઈ પરિવારમાં જુવાન દીકરો એક્સિડન્ટમાં મૃત્યુ પામે, તો એ ઘટનામાંથી શુભ કેમ તારવી શકાય? અથવા તો આજકાલ આધુનિકતાને નામે પરિવારનાં સદસ્યો અંદરોઅંદર વ્યવહારમાં પણ રાગ દ્વેષ અને વેરભાવ વધારતા જાય છે, ઘર પરિવારમાં પણ ષડયંત્રો રચાય છે. જોકે આ તો કંઈ નવી વાત નથી સદીઓથી ચાલ્યું આવે છે, પણ એમાંથી આપણી સામે સત્ય અને શુભ થયું એ પરિણામ દેખાય છે. જેમકે રામાયણમાં રામ ને ગાદી? કે ભારતને ગાદી? એ નિર્ણય કરવામાં કૈકેયી એ ભરત માટે રાજગાદી માંગી, માતા કૌશલ્યા આમાં કઈ રીતે શુભ શોધી શકે! કે શુભ કઈ રીતે જોઈ શકે!પરંતુ જો આ ઘટના ન ઘટી હોત તો રાવણનું મૃત્યુ કઈ રીતે થાત! એટલે કે અધર્મના નાશ માટે પણ ક્યારેક આવી ઘટના અસ્તિત્વ તરફથી ઘટતી હોય છે, અને અંતે એ શુભ સાબિત થાય છે. એવી જ રીતે મહાભારતમાં પણ આવી ઘટના ઘટી હતી, કૌરવ-પાંડવ પણ પરિવાર જ હતાં, છતાં કુરુક્ષેત્રનું યુદ્ધ થયું, અને એના પરિણામે આપણને ભગવત ગીતા જેવો સદગ્રંથ પ્રાપ્ત થયો, અને જાહેરમાં એક સ્ત્રીના વસ્ત્ર ઉતારી શકે, એવા દુર્યોધન રૂપે અતિ વિકારી અધર્મનો નાશ થયો. શુભ તો આ રીતે જ તારવી શકાય. એ સમયે કૌશલ્યા એ વાતનો વિરોધ દર્શાવ્યો હોત તો આ ઘટના ના ઘટે, એ જ રીતે અર્જુને હથિયાર ન ઉઠાવ્યું હોત, તો અધર્મનો નાશ ન થાત. એટલે કાળ સમાપ્તિ સુધી તો આપણી દષ્ટિ લંબાઈ ન શકે, અને આ સત્ય આપણને દેખાય નહીં. પરંતુ સત્ય હંમેશા શુભ હોય છે, અને શુભ હંમેશા સત્ય હોય છે, અને તે પ્રકાશિત થઈ ને જ રહે છે. કોઈ વાર એવું પણ થાય કે આવા અધર્મના નાશ માટે ઘણા વગર કારણે પણ માર્યા જાય, જેમ કે જે તે સમયના યુદ્ધમાં અન્ય લોકો પણ માર્યા ગયાં હતાં, એટલે એ સત્ય પણ સ્વીકારવું પડે. સાથે સાથે સમયની આવનારી પ્રત્યે ઘડી આપણા માટે એક શુભ કે કલ્યાણકારી ભાવ વધુ ને વધુ દ્રઢ કરવાના પાઠ રૂપે કે જીવનમાં પરીક્ષા રૂપે આવી રહી છે, અને એમાંથી આપણે મંગલ ભાવના કે સૌ પ્રત્યે કલ્યાણની ભાવના હૃદયમાં રાખી, સાંગોપાંગ પાર ઉતરવાનું છે. જો આપણે એ કરી શકીએ, તો અહીં બધું જ શુભ છે. પરંતુ સતત હૃદયમાં શુભ કે કલ્યાણનો ભાવ રાખવો, એ આજના માનવીના બસની વાત રહી નથી.કારણ કે એને અન્ય સાથે કંઈ જ વહેંચવુ નથી, સિવાય કે ફોરવર્ડના મેસેજ!!જેને માત્ર સજ્જન કહેવડાવવું છે. માનવીય માનસમાં જડમૂળથી જ્યાં સુધી ફેરફાર નહીં થાય, અને આવા ઉપરછલ્લા આડંબરમાં માનવી રચ્યો રહેશે, ત્યાં સુધી તે અન્ય નું શુભ કે કલ્યાણ વિચારી નહીં શકે, અને બસ આવી સસ્તી પ્રસિદ્ધ માથી ક્ષણીક આનંદ લેશે. આપણે આપણા જીવનમાં ઘટતી ઘટનાઓમા તટસ્થ રહી, શુભ છે કે અશુભ એ અસ્તિત્વ પર છોડી દઈએ, તો જ શુભનો અર્થ સરે.

# આત્માએ કઠિનાઈઓનું સ્વાગત કરે છે, આત્માના ઉત્વની જેટલી મળે છે, એટલી બીજી કોઈ દશામાં મળી શકતી નથી

વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા





મહાન આત્માએ કઠિનાઈ એનુ સ્વાગત કરે છે, એનાથી ગભરાતા નથી. કારણ કે એમાં આત્માના ઉત્વની જેટલી તા મળે છે, એટલી બીજી કોઈ દશામાં મળી શકતી નથી. ચક્રધર આ પરિસ્થિતિને એક વિદ્યાથીની દષ્ટિથી જોતા હતા. અને વિચલિત થતા ન હતા. એમને શ્રદ્ધા હતી કે પ્રકૃતિ એવા જ મનુષ્યાને અગ્નિ પરીક્ષામાં નાખે છે. જેમના દ્વારા એણે સસારમાં કોઈ મહાન ઉદ્દેશ પૂરો કરાવવાના હોય છે. આ રીતે કેટલાયે મહિના પસાર થઈ ગયા. એક દિવસ આખા દિવસના કૃટિન પરિશ્રમ પછી સધ્યાસમયે એસીને તે સજ્યા કરી રહ્યા હતા. ત્યારે કેટલાક કેદીઓ આપસમાં વાતો કરતા બહાર નીકળ્યા. તેઓ કહેતા હતા,આજે આ દારોગાની ખબર લેવી જોઈએ જ્યારે જુઓ ત્યારે ગાળો જ આપ્યા કરે છે.સીધેસીધી તે વાત જ કરતો નથી. વાત વાત પર મારવા દોડે છે.આપણે પણ માણસ છીએ ત્યાં સુધી સહન કરીએ ! હમણાં જ આવતા હશે. એવા મારાને કે એને જિંદગી ભરનું કલંક લાગી જાય. એટલું જ થશે તે કે વર્ષો એ વર્ષોની મુદત વધી જશે, બચ્ચાની આદત તે! ભુલાઈ જશે !’’

ચક્રધર ઘણી વાર આવી જાતની વાતો સાંભળતા હતા. એટલે એમણે એના પર કંઈ વિશેષ ધ્યાન આપ્યું નહીં. પરંતુ જ્યારે ભાજન સમયે જેવા દારોગા સાહેબ આવીને ઊભા રહ્યા અને એક કેદીને મોડા આવવા માટે મારવા દોડયા કે કેટલાયે કેદીએ ચારે બાજુથી દોડતા આવ્યા અને ‘મારા’ ભારા’ ના શેર મચી ગયો. દારાગાજીની ડંફાસ ભુલાઈ ગઈ.કયાંય ભાગવા ના રસ્તા ન હતા.ક્યાંય કોઈ મદદ ગાર ન હતા.ચારેખાજુ દીન તેત્રા થી જોઈ રહ્યા, જાણે કોઈ બકરા વરુઓના ટોળા વચ્ચે ફસાઈ ગયા ન હાય !સહસા ધન્નાસિહ આગળ વધીને દારોગાજીની ગરદન પકડી લીધી અને એટલા જોરથી દબાવી કે એમની આંખો બહાર નીકળી આવી. ચક્રધરે જોયું કે હમણાં જ અનથ થઈ જશે.એટલે તેઓ તીર ની માફક છૂટયા અને કેદીઓની વચ્ચે ઘૂસીને ધનાસિંહનો હાથ પકડી લીધે અને ખેલ્યા,‘‘હટી જાએ શું કરી રહ્યા છે.?’’ ધન્નાસિ’હના હાથ ઢીલા પડી ગયા પરંતુ હજુ સુધી એણે ગરદનના છોડી.ચક્રધર બોલ્યા,છેડો ભગવાનને ખાતર.’ધન્નાસિંહ મેલ્યો, હુટી જાએ માટા ઈશ્વરનું પૂછું અન્યા છો. જ્યારે એ રાજ રાજ ગાળો આપે છે; વાત વાતમાં હંટર ચલાવે છે,ત્યારે ઈશ્વર ક્યાં સૂઈ રહે છે,જે આ ઘડીએ જાગી ઊઠયા ? સામેથી હટી જાઓ નહી તે સઘળું ચોખલિયાપણું કાઢી નાખીશ. પહેલાં એને પૂછે કે હવે પછી કોઈ તે ગાળો તે! નહીં આપે ? અથવા

મારવા તો નહી દોડે ?’’ દારોગા ખેલ્યો, કુરાનના સમ છે. જો મારા મેઢામાંથી ગાળના એક શબ્દ પણ નીકળે તે ?’ધન્નાસિંહે કહ્યું. ‘‘કાન પકડો.’’ દારાગા મેલ્યા, ‘‘કાન પકડું છું.’’

ધન્નાસિંહે કહ્યું, ‘‘જાએ બચ્ચા કોઈ સારા માણસનું મેહુ જોઈ તે ઊઠયા હતા.

નહી તે આજે જીવ બચત નહી. અહીં કોઈના માટે કાણ રાનારું બેઠું છે.’’ ચક્રધર ખેલ્યા, ‘‘દારોગાજી, કયાંય એવું ના કરતા કે અહી થી જઈ તે, ત્યાંથી સિપાઈઓને ખેલાવી લાવા અને આ ગરીબાને ફૂંક ના નાખો.’’ દારોગા બોલ્યા, ‘‘સર્વવ્યાપી સમથ’ ઈશ્વરની સાક્ષીએ કહું છું એવું નહી કરું. એવા હું હલકટ નથી.’’ દરોગાજી ત્યાંથી ચાલવા માંડયા કે ધન્નાસિંહે કહ્યું, ‘‘ભીયાં, શસ્ત્ર ધારી રક્ષકોને જો ખેલાવ્યા તે! એ તમારા માટે ખરાબ થશે. હું તમને સ્પષ્ટ કહી દઉ છુ. અમારે તો શું છે? ન જીવવાના આનંદ છે, ન મરવાને શાક; પરંતુ તમારા નામને તો રાનારુ કોઈ રહેશે નહી.’’ દારોગાજી અહીથી તો જાન બચાવીને ભાગ્યા પરંતુ કાર્યાલય માં જઈ તે સશસ્ત્ર રક્ષકાની ટુકડીને સાવધાન કરી જિલ્લાના હાકેમતે ટેલિફોન કર્યા અને પોતે પણ બંદૂક લઈને લડવા તૈયાર થઈ ગયા. થોડીવારમાં જ સિપાઈ એની ટુકડી સંગીતો ચઢાવીને આવી પહોંચી અને ધસીને અંદર ઘૂસી ગઈ પાછળ પાછળ દારાગાજી પણ દોડયા. કેદીઓને ચારે બાજુથી ઘેરી લેવામાં આવ્યા. ચક્રધર પર ચારે બાજુથી ફિટકારની ઝડી વરસવા માંડી. ધન્નાસિહ મેલ્યા, હવે કહા, ભગતજી એતે છોડાવી તો દીધા, હવે જઈ તે સમજાવતા કેમ નથી? ગાળીએ છૂટવા માંડી તો ?’’ એક કેદી ખેલ્યા, ‘‘ગોળાએ છૂટશે તા પહેલાં એમની જ ચટણી કરવામાં આવશે.’’

ચક્રધર ખેલ્યા, ‘‘તમે લેકો હજુ પણ શાંત રહેશે. તે ગાળીએ છૂટશે નહી. હું એની જવાબદારી લઉં છું.’’ ધન્નાસિંહ માલ્યા, ‘‘તમે એ બધા સાથે મળેલા છે. અમને સાવવા જ આ ઢાંગ ચ્યા છે.’’ બીજો કેદી ખેલ્યા, ‘‘દગાબાજ છે એને મારીને પછાડી દો.’ ચક્રધર ખેલ્યા, ‘‘મને મારવાથી તમારું હિત થતુ હોય તો એમ ભલે થાય.’’ ત્રીજો કેદી એલ્યા, ‘‘તમે પોતે જેવા સીધા છે તેવા જ સૌને સમજો છે. પરંતુ તમારા કારણે અમે ફાગટને માર ખાધા કે નહી ?’ ધન્નાસિંહુ મેલ્યો, એ સીધે નથી એમની સાથે મળેલ છે.અધા ભગત ક્લિના મેલા હોય છે. કેટલાયે ભગતાને જોઈ ચૂક્યો છું.’’ ત્રીજો કેદી મેલ્યું।, ‘‘તમારું જે થવાનુ હોય તે થાય. પરંતુ તમને ફાંસી અપાવીને એમને રાજ તે મળી જશે. નાના માટે, મેટી વાત જેવું છે !’’ ચક્રધરે આગળ આવીને કહ્યું, ‘‘દારાગાજી, આખરે આપ શું કરવા ઈચ્છે છે ? આ ગરીમાને કેમ ઘેરી લીધા છે ?’’

દારોગાએ સિપાઈ એની એથે ઊભા રહીને કહ્યું, ‘‘આ જ આ અધા બદમાશાતા સરદાર છે. ખુદા જ જાણે છે, કઈ યુક્તિથી આ સૌને ભેગા કરી રહ્યો છે.એને ગિરફતાર કરી લો. બાકી જેટલા છે, એમને ખૂબ મારો. મારતાં મારતાં ચટણી કરી નાખો. આ સૂવરના અચ્ચાઓની! એમની એટલી હિ’મત કે મારી સાથે ધૃષ્ટતા કરે!’’ ચક્રધર મેલ્યા, ‘‘આપને કેદીઓને મારવામા કોઈ કાનૂની અધિકાર નથી.’’ ધન્નાસિંહ આવ્યા, જનાબ સભાળજો! દારોગાજી ?’’ દારોગા એલ્વે, ‘મારા આ વરતે.’’ સિપાઈ એ કેદીઓ પર તૂટી પડયા. એમને બંદૂકાના કુન્દાએથી મારવા માંડયા. ચક્રધરને લાગ્યું કે મામલો બગડતા જાય છે એટલે તેઓ મેલ્યા, ‘‘દારોગાજી, ખુદાની ખાતર આવો ગજબ કરશો! નહીં.’’

# વધુ પડતું મીઠું એ ટાઈપ ૨ ડાયાબિટિસના જોખમ સાથે જોડાયેલ છે




ટાઈપ-૨ ડાયાબિટીસ થવાનું જોખમ ધરાવતા લોકોને સામાન્ય રીતે તેમના ખાંડના સેવનને મર્યાદિત કરવા અને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવાની સલાહ આપવામાં આવે છે. તુલાને યુનિવર્સિટીના નવા સંશોધન સૂચવે છે કે ઉચ્ચ મીઠાનું સેવન પ્રકાર ૨ ડાયાબિટીસ માટે જોખમી પરિબળ હોઈ શકે છે. સંશોધકો અને નિષ્ણાતો સોડિયમનું સેવન ઘટાડવાની સલાહ આપે છે કારણ કે યુ.એસ.માં મોટાભાગના લોકો દરરોજ ભલામણ કરેલ રકમ કરતાં વધી જાય છે. પ્રકાર ૨ ડાયાબિટીસનો વધતો વૈશ્વિક વ્યાપ એ આરોગ્યસંભાળની નોંધપાત્ર ચિંતા અને મૃત્યુદરનું મુખ્ય કારણ છે. દર વર્ષે, ૧ મિલિયનથી વધુ મૃત્યુ ડાયાબિટીસને આભારી છે. ૨૦૨૦ માં પ્રકાશિત થયેલા રિસર્ચ ટ્રસ્ટેડ સોર્સે અહેવાલ આપ્યો છે કે ૨૦૧૭ માં ૪૬૨ મિલિયન લોકો ટાઈપ ૨ ડાયાબિટીસથી પ્રભાવિત થયા હતા, જેનો પ્રચલિત દર ૧૦૦,૦૦૦ દીઠ ૬,૦૫૯ કેસ છે. ૨૦૩૦ સુધીમાં, પ્રકાર ૨ ડાયાબિટીસ પ્રતિ ૧૦૦,૦૦૦ માં વધીને ૭,૦૭૯ કેસ થવાનો અંદાજ છે. આ સ્થિતિ વિકસાવવાનું જોખમ ધરાવતા લોકો, જેમ કે ૪૫ વર્ષથી વધુ ઉંમરના પુખ્ત વયના લોકો અને સ્થૂળતા ધરાવતા લોકોને વારંવાર તેમની ખાંડનું સેવન મર્યાદિત કરવા, સંતુલિત આહારનું પાલન કરવાની અને નિયમિત કસરત કરવાની સલાહ આપવામાં આવે છે. હવે, તુલાને યુનિવર્સિટીના નવા સંશોધન સૂચવે છે કે મીઠાનું સેવન ઘટાડવાથી પણ પ્રકાર ૨ ડાયાબિટીસ (T2D) ની શરૂઆત અટકાવવામાં મદદ મળી શકે છે. મેયો ક્લિનિક પ્રોસિડિંગ્સમાં નવેમ્બર ૧ ના રોજ પ્રકાશિત થયેલો અભ્યાસ, ખોરાકમાં મીઠું ઉમેરવાના વર્તન માર્કર અને પ્રકાર ૨ ડાયાબિટીસના જોખમ વચ્ચેની કડીની તપાસ કરનાર પ્રથમ અભ્યાસ છે. "અમે પહેલાથી જ જાણીએ છીએ કે મીઠું મર્યાદિત કરવાથી કાર્ડિયોવેસ્ક્યુલર રોગો અને હાયપરટેન્શનનું જોખમ ઘટાડી શકાય છે, પરંતુ આ અભ્યાસ પ્રથમ વખત દર્શાવે છે કે ટેબલમાંથી સોલ્ટ શેકર લેવાથી ટાઈપ ૨ ડાયાબિટીસને પણ અટકાવવામાં મદદ મળી શકે છે," અભ્યાસના મુખ્ય લેખક ડૉ. લુ ક્વિએ જણાવ્યું હતું. , પીએચડી, તુલાને યુનિવર્સિટી ઓબેસિટી રિસર્ચ સેન્ટરના ડિરેક્ટર અને સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થ એન્ડ ટ્રોપિકલ મેડિસિનના પ્રોફેસર, એક અખબારી યાદીમાં. જ્યારે સંશોધકોએ નોંધ્યું હતું કે વધુ પ્રમાણમાં મીઠાનું સેવન ડાયાબિટીસના જોખમને શા માટે અસર કરે છે તે સમજવા માટે વધુ અભ્યાસની જરૂર છે, અભ્યાસે વધુ મીઠાના સેવન અને ઉચ્ચ બોડી માસ ઈન્ડેક્સ (BMI) વચ્ચે જોડાણ સ્થાપિત કર્યું છે.

# ૧૦,૦૦૦ પગલાં ભૂલી જાઓ, હવે ૮,૮૦૦ પગલાં ચાલવાથી તમારા મૃત્યુનું જોખમ ઓછું થઈ શકશે

એક નવા રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે ૮,૮૦૦ પગલાં લેવાથી તમારા સ્વાસ્થ્યને મદદ મળી શકે છે. વધુમાં, ૫૦૦-પગલાંની વૃદ્ધિમાં વધુ પગલાં લેવાથી તમારા એકંદર આરોગ્યને પણ વેગ મળી શકે છે. આરોગ્ય લાભો લગભગ ૧૦,૦૦૦ પગથિયાં પર છે. તમારે એક દિવસમાં કેટલા પગલાં લેવા જોઈએ તે જાણવા માગો છો? જ્યારે ઘણા લોકો ૧૦,૦૦૦ પગલાંઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ત્યારે એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૮,૮૦૦ પગલાં લેવાથી તમારા મૃત્યુનું જોખમ ઓછું થઈ શકે છે. અને અહેવાલમાં જાણવા મળ્યું છે કે ૫૦૦-પગલાંની વૃદ્ધિમાં પગલાં ઉમેરવાથી તમારા સ્વાસ્થ્યને પણ પ્રોત્સાહન મળી શકે છે. ગ્રેનાડા યુનિવર્સિટીની આગેવાની હેઠળના નવા મેટા-વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે ૮,૮૦૦ દૈનિક પગલાં, જે લગભગ ચાર માઈલ જેટલા છે, તે અકાળ મૃત્યુના જોખમને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે. ઑક્ટોબરમાં અમેરિકન કૉલેજ ઑફ કાર્ડિયોલોજીના જર્નલમાં પ્રકાશિત થયેલા તારણો અનુસાર, ઝડપી ગતિએ ચાલવાથી સ્વાસ્થ્ય લાભો પણ વધી શકે છે. તમારે દરરોજ ચાલવા માટે જરૂરી પગલાઓની આદર્શ માત્રાને માપવા માટેનો આ રિપોર્ટ પ્રથમ છે અને શારીરિક પ્રવૃત્તિના ટૂંકા વિસ્ફોટથી હૃદયરોગ અને મૃત્યુના જોખમને ઘટાડી શકે છે તેવા વધતા પુરાવાઓ ઉમેરે છે.



"આ અભ્યાસ દર્શાવે છે કે કાર્ડિયોવેસ્ક્યુલર લાભ માટે પ્રવૃત્તિ થ્રેશોલ્ડ ખૂબ ઓછી છે. આશા છે કે, આનાથી એવા લોકોને પ્રોત્સાહિત કરવામાં આવશે કે જેઓ અગાઉ કસરતથી ડરતા હતા તેઓ તેમની દિનચર્યાઓમાં વધુ શારીરિક પ્રવૃત્તિને સામેલ કરવા માટે પ્રોત્સાહિત કરશે," સ્ટેટન આઈલેન્ડ યુનિવર્સિટી હોસ્પિટલના કાર્ડિયોલોજીના એસોસિયેટ ડિરેક્ટર ડૉ. દિમિત્રી નેવેલેવે જણાવ્યું હતું.

નેવેલેવ સંશોધનનો ભાગ ન હતો. દૈનિક પગલાંની શ્રેષ્ઠ માત્રા સંશોધકોએ ૧૧૧,૦૦૦ થી વધુ સહભાગીઓ સાથે સંકળાયેલા ૧૨ અભ્યાસોની સાહિત્ય સમીક્ષા હાથ ધરી હતી. તેઓએ પગલાની સંખ્યા અને સર્વ-કારણ મૃત્યુદર અને ઘટના કાર્ડિયોવેસ્ક્યુલર રોગ વચ્ચેના સંબંધની તપાસ કરી. ટીમે શોધી કાઢ્યું છે કે સર્વ-કારણના મૃત્યુના જોખમને નોંધપાત્ર રીતે ઘટાડવા માટે દરરોજ ચાલવા માટે ૮,૮૦૦ એ આદર્શ રકમ છે. આશરે ૭,૨૦૦ એ કાર્ડિયોવેસ્ક્યુલર સ્વાસ્થ્યને સુરક્ષિત કરવા માટે જરૂરી પગલાંની શ્રેષ્ઠ રકમ છે. દૈનિક ૨,૬૦૦ પગલાં પણ મૃત્યુદરના ઓછા જોખમ સાથે જોડાયેલા હતા અને ૨,૮૦૦ પગલાં કાર્ડિયોવેસ્ક્યુલર લાભો સાથે જોડાયેલા હતા. રિપોર્ટમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે તમારા દિવસમાં માત્ર ૫૦૦ પગલાં ઉમેરવાથી તમારું સ્વાસ્થ્ય સુધરે છે.

આરોગ્ય લાભો લગભગ ૧૦,૦૦૦ પગથિયાં પર છે. જો કે, દિવસમાં ૧૬,૦૦૦ પગથિયાં ચાલતા લોકોમાં સ્વાસ્થ્ય લાભમાં કોઈ ધ્યાન આપવામાં આવ્યું ન હતું. "અતિરિક્ત પગલાં જીવનની ગુણવત્તા, માનસિક સ્વાસ્થ્ય, વગેરે જેવા અન્ય અંતિમ બિંદુઓ માટે ફાયદાકારક હોઈ શકે છે," અભ્યાસના લેખકો પૈકીના એક, થિજસ એજસવોગેલ્સ, પીએચડી, એક કસરત શરીરવિજ્ઞાની અને રેડબાઉડ યુનિવર્સિટી મેડિકલ ખાતે મેડિકલ બાયોસાયન્સ વિભાગમાં સંશોધક. નેધરલેન્ડના નિજમેગેનમાં કેન્દ્રએ હેલ્થલાઈનને જણાવ્યું હતું. અંતે, અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઝડપ થી ચાલવાથી મૃત્યુના જોખમમાં ઘટાડો થાય છે. ટૂંકું ચાલવું ઘણું આગળ વધી શકે છે. ઘણા લોકો માટે, સંશોધકોના જણાવ્યા અનુસાર, દિવસમાં ૭,૦૦૦ થી ૯,૦૦૦ પગલાં ચાલવું એ ૧૦,૦૦૦ પગલાં કરતાં વધુ વાસ્તવિક ધ્યેય છે. અને તે બધા-કે-કંઈ લાભ નથી. સંશોધકોએ શોધી કાઢ્યું છે.

# પુરુષોની પરેશાની ઓફિસ પોલિટિક્સથી કેમ બચવું?



દરેક ઓફિસની સાથે છોગામાં ઓફિસ પોલિટિક્સ આવે છે. કામનો બોજ પુરુષોને જેટલો પરેશાન કરતો હોય, તેના કરતાં વધુ પરેશાન તેમને ઓફિસ પોલિટિક્સ કરતુ હોય છે. સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ ઓફિસની રાજનીતિમાં સામેલ થવાનું એક કારણ તેમના ઉપરી અધિકારીઓની પ્રશંસા અને તરફેણ જીતવાનું છે. અન્ય કારણ કર્મચારીઓ વચ્ચે અસ્તિત્વમાં રહેલ પાવર ડાયનેમિક્સમાં તફાવત છે. "ઓફિસ પોલિટિક્સ" શબ્દ "કાર્યસ્થળ" શબ્દ સાથે એટલો ગૂંથાયેલો છે કે બંનેને અલગ પાડવું ખૂબ મુશ્કેલ છે. ઓફિસ પોલિટિક્સ એ એક એવું દૂષણ છે જે કર્મચારીની કામગીરીને અસર કરે છે. તે કોઈપણ કારણસર થઈ શકે છે, પછી તે પૈસા, સત્તા, હોદ્દો અથવા માત્ર લોભ હોય. કાર્યસ્થળ પર રાજકારણ તેમાં સામેલ દરેક વ્યક્તિ પર ભાવનાત્મક અસર કરે છે. કાર્યસ્થળો પર જ્યાં રાજકીય રમતો હોય ત્યાં દલીલો, પક્ષપાત અને અભિપ્રાયોમાં તફાવત એ સામાન્ય દૃશ્ય બની જાય છે. રાજકીય રમતો, ઘણીવાર ક્યુબિકલ અને કોન્ફરન્સ રૂમને યુદ્ધ ઝોનમાં ફેરવે છે. ઓફિસ પોલિટિક્સમાં ઘણી વાતોનો સમાવેશ થાય છે. ભલે તે પીઠમાં છરો ભોંકવો હોય, સત્તાનો દુરુપયોગ, ગપસપ, મુત્સદ્દીગીરી, ચાલાકી, સુગર કોટિંગ, આંગળી ચીંધવી, અચોક્કસ માહિતી આપવી, આઈડિયા ચોરી લેવા અથવા નિષ્ક્રિય-આક્રમક વર્તન દર્શાવવું હોય, લોકો અન્યને પ્રભાવિત કરે છે અને ઘણી રીતે લાભ મેળવવા માટે નકારાત્મકતા ફેલાવે છે. કાર્યસ્થળોનાં કરવામાં આવેલ એક અભ્યાસ દર્શાવે છે કે લગભગ ૬૦% કર્મચારીઓ માને છે કે અન્ય કરતા આગળ આવવા માટે 'રાજકીય કૌશલ્ય' જરૂરી છે. આનો અર્થ એ નથી કે કાર્યસ્થળના રાજકારણમાં સામેલ થવું, પરંતુ તમારી વિરુદ્ધ શું કામ કરી રહ્યું છે તે સમજવું અને તેની સાથે સમજદારીપૂર્વક વ્યવહાર કરવો. રાજકીય રમત વિશે સાવધ રહેવું જોઈએ અને મૂળભૂત રાજકીય બુદ્ધિ હોવી જોઈએ. ઓફિસ પોલિટિક્સથી કેમ બચશો? વ્યક્તિ ઓફિસમાં થતી રાજકીય લડાઈઓને સંપૂર્ણપણે ટાળીને જીતી શકે છે. આસપાસના દરેક સાથે સકારાત્મક અને મૈત્રીપૂર્ણ રહેવું અને નકારાત્મક લોકો પર ઓછું ધ્યાન કેન્દ્રિત કરવું ઘણું ઉપયોગી સાબિત થાય છે.

# ફેફસાના કેન્સરની તપાસ માટેની નવી માર્ગદર્શિકા વિસ્તરે છે કે વાર્ષિક કોણે પરીક્ષણ કરાવવું જોઈએ

અમેરિકન કેન્સર સોસાયટીના જણાવ્યા અનુસાર, ભારે ધૂમ્રપાન કરનારાઓ કે જેમણે ૧૫ વર્ષ કે તેથી વધુ સમય પહેલાં છોડી દીધું હતું તેઓને પણ જીવલેણ રોગનું જોખમ રહેલું છે. કોલોરેક્ટલ અને પ્રોસ્ટેટ કેન્સર સંયુક્ત કરતાં વધુ મૃત્યુ પામે છે તેમ છતાં ફેફસાના કેન્સર માટે ઉચ્ચ જોખમ ધરાવતા લોકોમાંથી માત્ર થોડા જ લોકો આ રોગ માટે તપાસ કરી રહ્યા છે. નવી અમેરિકન કેન્સર સોસાયટી માર્ગદર્શિકા વધુ લાખો લોકોને નિયમિત સ્કેન માટે પાત્ર બનવાની મંજૂરી આપશે જે જીવન બચાવવા માટે ગાંઠોને વહેલી તકે શોધી શકે છે.



એક મહત્વપૂર્ણ અપવાદ સાથે, નવી માર્ગદર્શિકા અત્યંત પ્રભાવશાળી યુ.એસ. પ્રિવેન્ટિવ સર્વિસીસ ટાસ્ક ફોર્સની હાલની ભલામણોનો પડઘો પાડે છે. ૨૦૨૧ માં, પેનલે જણાવ્યું હતું કે ૫૦ થી ૮૦ વર્ષની વયના લોકો કે જેમણે ઓછામાં ઓછા ૨૦ "પેક વર્ષ" ધૂમ્રપાન કર્યું હતું અને કાં તો હજુ પણ ધૂમ્રપાન કર્યું હતું અથવા છેલ્લા ૧૫ વર્ષમાં છોડી દીધું હતું, તેઓનું વાર્ષિક ધોરણે લો-ડોઝ સીટી સ્કેન સાથે પરીક્ષણ કરવું જોઈએ, ફેફસાના કેન્સરનું નિદાન કોને થયું હતું તેના ડેટા પર ધ્યાનપૂર્વક તપાસ કરવાથી જાણવા મળ્યું છે કે જેમણે ૧૫ વર્ષ કે તેથી વધુ વર્ષ ધૂમ્રપાન છોડી દીધું હતું તેઓમાં પણ કેન્સરનું જોખમ વધ્યું છે, વ્યક્તિએ ધૂમ્રપાન છોડી દીધું હોય તેટલો લાંબો સમય થયો હોય, કેન્સરનું જોખમ ઓછું હોય.

BOLLYWOOD NEWS FLASH

# અભિનેત્રી સામંથા પ્રભુએ સાડીમાં કહેર વર્તાવ્યો



। મુંબઈ, તા.૩ ।

સાઉથ સિનેમાની ફેમસ એક્ટ્રેસ સામંથા રૂથ પ્રભુ કોઈ ઓળખની મહોતાજ નથી. પોતાના દમ પર અભિનેત્રી સફળતા પ્રાપ્ત કરી છે. ખબર છે કે સામંથા રૂથ પ્રભુએ ફિલ્મ 'પુષ્પા'ના ગીત 'ઓમ અંટવા'માં બેંગ ડાન્સ કર્યો હતો, જેને ખૂબ પસંદ કરવામાં આવ્યો હતો. આ પછી તે રાજ અને ડીકેની વેબ સિરીઝ 'ધ ફેમિલી મેન ૨'માં જોવા મળી હતી. આ સિરીઝમાં સામંથાએ પોતાના એક્શન અવતારથી ચાહકોનું દિલ જીતી લીધું હતું. સામંથા ફિલ્મોની સાથે સાથે તેની પર્સનલ લાઈફને કારણે પણ ચર્ચામાં રહે છે. સામંથાનો દરેક લુક ફેન્સને પસંદ આવે છે, જ્યારે પણ અભિનેત્રી તસવીરો શેર કરે છે તે આગની જેમ વાયરલ થઈ જાય છે. સામંથાએ નાગાર્જુન દીકરા નાગા ચૈતન્ય સાથે લગ્ન કર્યા હતા. જોકે, બાદમાં બન્ને અલગ થઈ ગયા હતા. સામંથાની ફેશન સેન્સ પણ અનોખી છે. પોતાના લુક સાથે અભિનેત્રી એક્સપેરિમેન્ટ કરતી રહે છે. અભિનત્રીનો દરેક લુક ફેન્સને પસંદ આવે છે. જ્યારે પણ અભિનેત્રી તસવીરો શેર કરે છે તે આગની જેમ વાયરલ થઈ જાય છે.

# અર્ચનાનું પાત્ર નિભાવી ચાહકોના દિલ જીત્યા

। મુંબઈ, તા.૩ ।

બિગ બોસ ૧૭માં અંકિતા લોખંડે અને તેનો પતિ વિકી જૈન જોવા મળી રહ્યા છે. શો દરમિયાન બંને ઘણીવાર નાની નાની બાબતો પર લડતા જોવા મળે છે. બિગ બોસમાં અંકિતા કેટલાક પોતાના અંગત ખુલાસા પણ કર્યા છે. અંકિતા લોખંડેનો જન્મ ૧૯ ડિસેમ્બર ૧૯૮૪ના રોજ ઈન્દોરમાં શશિકાંત (એક બેંકર) અને વંદના પાંડિસ (શિક્ષક)ના ઘરે થયો હતો અને સૂરજ અને જ્યોતિ નામના બે નાના ભાઈઓ છે. અંકિતા લોખંડેએ વર્ષ ૨૦૦૯ખી



એકતા કપુરની સીરિયલ પવિત્ર રિશ્તાથી એક્ટિંગ કરિયરની શરુઆત કરી હતી. અંકિતા અનેક ફિલ્મોમાં પણ કામ કરી ચૂકી છે. તેમણે મણિકર્ણિકા અને બાગી ૩ સારી એવી ભૂમિકા નિભાવી છે. શશિકાંત લોખંડેનું આ વર્ષે નિધન થયું છે. અંકિતા લોખંડેને ટીવી સિરીયલ પવિત્ર રિશ્તાથી મોટી ઓળખ મળી છે. અંકિતાએ આ સિરીયલમાં અર્ચનાનું પાત્ર નિભાવ્યું હતુ. સુશાંત સિંહ રાજપુત સાથે સ્ક્રિન શેર કરી હતી. બંન્ને અંદાજે ૬ વર્ષ સુધી રિલેશનશિપમાં રહ્યા હતા.

# ટ્રાન્સપરન્ટ ડ્રેસમાં મલાઇકાએ ઈન્ટરનેટનું તાપમાન વધાર્યું

। મુંબઈ, તા.૩ ।

બોલિવૂડ સેલેબ્સ એકથી એક ચઢિયાતા આઉટફિટ પહેરલા જોવા મળ્યા હતા. સેલેબ્સ અંબાણી પરિવારના વર્લ્ડ પ્લાઝાના ઓપનિંગ ઈવેન્ટમાં પહોંચ્યા હતા. આ ઈવેન્ટમાં બોલિવૂડ હસીનાઓએ એકથી એક હટકે લુકમાં તૈયાર થઈને આવી હતી અને વટ પાડી દીધો હતો. જો કે આ બધામાંથી મલાઈકા અરોરા પર સૌની નજર ટકી ગઈ હતી. મલાઈકા એટલો બોલ્ડ ડ્રેસ પહેર્યો હતો કે જોનારા લોકો જોતા રહી જાય. કેટલાક લોકોને તો એ વાતની જાણ થઈ શકી નથી કે મલાઈકાએ આ શું પહેર્યુ છે. આ ટ્રાન્સપરન્ટ ડ્રેસને લઈને મલાઈકા હાલમાં જોરદાર ટ્રોલ થઈ છે. મલાઈકાનો આ વિડીયો હાલમાં સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે. તમને જણાવી દઈએ કે મલાઈકા અરોરા આખરે પહેર્યું શું હતુ? મલાઈકાએ ટ્રાન્સપરન્ટ બ્લેક બોડીકોન ડ્રેસ પહેર્યુ હતુ. આ ડ્રેસમાં બધાની નજર આરપાર જતી રહી હતી. એક્ટ્રેસે સાથે હેવી નેકપીસ કેરી કર્યો હતો જેમાં ગ્રીન અને ડાયમંડ જેવા સ્ટોન્સ દેખાતા હતા. મેકઅપ અને હેર સ્ટાઈલ પણ મિનિમલ જોવા મળ્યો હતો. એક્ટ્રેસ ઘણી બોલ્ડ અને ગ્લેમરસ લાગી રહી હતી. એક્ટ્રેસની અદાઓ કેટલાક લોકોને ખૂબ પસંદ પડી હતી. આ વાયરલ વિડીયો જોઈને લોકો જાતજાતની કોમેન્ટ્સ કરી રહી છે. મલાઈકા અરોરાને આ આઉટફિટ જોયા પછી એક વ્યક્તિએ કોમેન્ટમાં લખ્યુ છે કે બધુ દેખાઈ રહ્યું છે તો આવું પહેર્યુ કેમ, જ્યારે બીજી વ્યક્તિએ કોમેન્ટ્ કરતા લખ્યુ છે કે આ શું પહેરી લીધુ? આ સિવાય પણ અનેક લોકોએ જાતજાતની કોમેન્ટ્સ કરી છે. મલાઈકાને આ લુકમાં જોઈને અનેક લોકો ગુસ્સે પણ થઈ ગયા છે.



# સોનિકા ગિલના ૬ વાર તૂટ્યા હતા લગ્ન અને ૭મી વારમાં વસ્યું હતુ ઘર

। મુંબઈ, તા.૩ ।

બોલિવૂડ ફિલ્મોની સ્ટોરી હંમેશા ફેન્સને કોઈને કોઈ સંદેશ આપતી જોવા મળે છે. ફિલ્મોમાં ઘણાં સંબંધો તૂટે છે તો ઘણાં જોડાય છે. ફિલ્મોની સ્ટોરી સુધી તો આ બધું સારુ લાગે છે, પરંતુ જ્યારે વાત અસલ જિંદગીની આવે છે તો આવા સંબંધોમાં જીવવું લોકોની પરેશાનનું કારણ બનવા લાગે છે. પરંતુ શું તમે જાણો છો કે બોલિવૂડની એક એક્ટ્રેસ છે, જે આજે ફિલ્મી દુનિયાથી દૂર છે. પરંતુ પડદા પર તેમના ભજવેલા પાત્રો માટે તેમને આજે પણ યાદ કરવામાં આવે છે. આ એક્ટ્રેસના લગ્ન એક-બે નહીં પરંતુ ૬ વાર તૂટ્યાં છે. સાતમીવાર ઘર વસ્યું પરંતુ, પતિ સાથે સૌતન પણ મળી. ફિલ્મોને સાઈન કરતા પહેલા ખૂબ જ ચૂઝી દેખાતી કલાકાર, અસલ જિંદગીમાં કેટલું એડજસ્ટમેન્ટ કરે છે. તેનું જીવતું જાગતું ઉદાહરણ ફિલ્મ 'રામ-લખન'માં કામ કરનારી એક્ટ્રેસ છે. ચાલો જાણીએ,



કોણ છે આ એક્ટ્રેસ, જે આજે પોતાની સૌતનની સાથે બહેનપણી બનીને અને સોતેલા બાળકોની સાથે ખુશી-ખુશી એક જ ઘરમાં જીવન જીવી રહી છે. રામ-લખન, તૂ નાગિન મે સપેરા, કોન કરે કુર્બાની', 'મેં ઔર તુમ', 'કચ્ચી કલી' જેવી ઘણી ફિલ્મમાં જોવા મળી ચુકી આ એક્ટ્રેસ છે સોનિકા ગિલ. ફિલ્મ 'રામ-લખન'માં વિવિયાનું પાત્ર ભજવનારી સોનિકાની લાઈફ વિશે ખૂબ જ ઓછા લોકો જાણે છે. જાણો તેની બોલિવૂડમાં એન્ટ્રી કેવી રીતે થઈ, તેનું ફેમિલી બેકગ્રાઉન્ડ શું છે, કેમ તેણીએ અચાનક ફિલ્મોમાં કામ કરવાનું મુકી દીધું. સુભાષ ઘઈ શું તેને ખરેખર ખિજાયા હતાં. આ તમામ મુદ્દા પર એક્ટ્રેસે એક ઈન્ટરવ્યૂમાં ચુપ્પી તોડી અને સત્ય જણાવ્યુ હતું. સોનિકા ગિલ દિલ્હીની રહેવાસી છે. દિલ્હીની સરકારી સ્કૂલથી તેઓએ સાથે અભ્યાસ કર્યો હતો. બાળપણથી જ તેણી સ્ટેજ પરફોમેન્સ કરતી હતી. લૈલા ફિલ્મની કાસ્ટિંગ દરમિયાન સાવન કુમાર એકવાર દિલ્હી આવ્યો હતો.

# સલમાન ખાન અને કેટરિના કેફની જોડીએ ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું

। મુંબઈ, તા.૩ ।

સલમાન અને કેટરીનાની ઓન-સ્ક્રીન જોડી ચાહકોને ઘણી પસંદ આવે છે. આ બંનેએ સિલ્વર સ્ક્રીન પર પહેલા અને ઘણી ફિલ્મો દ્વારા ઘણી કમાલ કરી છે. ટાઈગર અને ઝોયા એટલે કે સલમાન ખાન અને કેટરિના કૈફની જોડી થિયેટરોમાં પરત ફરવા જઈ રહી છે.



બંને તેમની આગામી ફિલ્મ ટાઈગર ૩ માટે ઘણા સમયથી હેડલાઈન્સમાં છે. ચાહકો ઘણા સમયથી આ ફિલ્મની રાહ જોઈ રહ્યા હતા, જે હવે પૂર્ણ થવા જઈ રહી છે. આ ફિલ્મ ૧૧ નવેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. ફરી એકવાર સલમાન ખાન એક્શનમાં જોવા મળશે.

# વાઈબ્રન્ટ દિવાળી ઉત્સવ નિમિત્તે નગરના નવા માર્ગો નગર પાલિકા દ્વારા તૈયાર : સફાઈ અંગે પણ નગરપાલિકા એલર્ટ મોડમાં



। પંકજ પંડિત ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ નગરમાં આ દિવાળી ઘરની દિવાળી, પોતાના વતનની દિવાળી નિમિતે વણિક સમાજ દ્વારા વાઈબ્રન્ટ દિવાળી ઉત્સવ તરીકે ઉજવી રહ્યા છે. દેશ વિદેશમાં રોજગાર અર્થે વસવાટ કરતા લોકોને વતન પ્રત્યે વિશેષ પ્રેમ તેમજ આદર હોવાથી નગરમાં વર્ષો પછી આવી રહેલ છે તેમને સત્કાર આપવા તેમજ નગરની સુંદર છબી લઈ તેઓ જાય તે હેતુ થી નગરના વણિક સમાજ દ્વારા નગરના સર્વ સમાજના સહયોગ માટે મીટિંગ રાખવામાં આવેલ હતી. આ મીટીંગમાં સ્વચ્છતા તેમજ નગરના રોડ સુંદર બને તેના પર ભાર મૂકવામાં આવેલ હતો.જેથી આ વિષયને સાર્થક કરવાં નગરમાં વાઈબ્રન્ટ સમિતિની રચના કરવામાં આવી હતી.

વાઈબ્રન્ટ સમિતિ દ્વારા નગરપાલિકા, પ્રાંત અધિકારી, મામલતદાર, પોલિસ વિભાગ સાથે સંકલન કરી નગરની સમસ્યાઓની ચર્ચા કરી તેના પર સચોટ કામગીરી માટે કાર્ય કરવામાં આવ્યું હતું. સહુ અધિકારીઓ દ્વારા સુંદર સહકાર આપવાની ખાતરી સાથે સચોટ કામગીરીમાં જોડાઈ ગયેલ હતા. નગરપાલિકા વિસ્તારમાં દરેક જગ્યાએ સ્વચ્છતાની વિશેષ કાળજી રાખવા નગરપાલિકા કામગીરીમાં જોતરાઈ ગઈ છે તેમજ નગરમાં ખાડા ટેકરા અને તૂટેલા રોડને સમતલ કરવા નગરના રસ્તાઓને ફીનીશીંગ કરી સમતલ કરવાની કામગીરી ચાલુ કરવામાં આવી હતી અને આવનાર સમયમાં નગરને મજબૂર સી.સી રોડ બનાવી આપવાની પણ ખાતરી આપી હતી. નગરમાં રોડને ડામર નાંખી સમતલ કરી સુંદર બનાવવાની કામગીરી કરાતા નગરજનોમાં ખુશી જોવા મળતી હતી. નગરજનો દ્વારા દિવાળી પહેલા નગરપાલિકા દ્વારા રોડની સુંદર ભેંટ અપાતા નગરજનોમાં ખુશી જોવા મળતી હતી. સાથે સાથે આ સમગ્ર કામગીરીને સફળ બનાવવા માટે સહયોગ આપવા માટે અગ્નેશ પંચાલ, દિનેશ પંચાલ, બટુલ ડામોર, ટપુ વસૈયા, રહીમ ગુડાલા, ગોપાલ દરજી સહિત સહુ આગેવાનોનો આભાર માન્યો હતો. તેમજ વહીવટી અધિકારીઓની કામગીરીને પણ બિરદાવી હતી.

# ડાંગ જિલ્લા પંચાયતમા રેકર્ડ વર્ગીકરણ દ્વારા સાફ-સફાઈની કામગીરી હાથ ધરાઈ



। ડાંગ, તા.૩ ।

રાષ્ટ્રવ્યાપી 'સ્વચ્છતા હી સેવા (SHS)'' ઝુંબેશ અંતર્ગત દેશભરમા અનેકવિધ થીમ હેઠળ સ્વચ્છતાલક્ષી પ્રવૃતિઓ હાથ ધરવામા આવી રહી છે. સ્વચ્છતા સર્વોપરીના મંત્ર સાથે ડાંગ જિલ્લાના વિવિધ સરકારી વિભાગો દ્વારા પણ સ્વચ્છતાના ઉદ્દેશય સાથે રેકર્ડ વર્ગીકરણ દ્વારા સ્વછતાની પ્રવુતિઓ હાથ ધરવામા આવી છે. સ્વચ્છતા અભિયાન, ૨૦૨૩ અંતર્ગત ડાંગ જિલ્લા પંચાયતની વિવિધ શાખાઓ દ્વારા સરકારી ઓફિસોમા કર્મચારીઓ રેકર્ડ વર્ગીકરણ અને ભંગાર નિકાલની કામગીરી હાથ ધરવામા આવી હતી.



ભરતભાઈ એ. પંડ્યા દિવડા કોલોની, તા.૩

કાનુની સેવા સમિતિ કડાણા અંતર્ગત સરસ્વતી વિદ્યા મંદિર મોટા ધરોળા શાળામાં કાનુની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. એચ. એ. જોષીએ બાળકોને કાયદાની સમજ આપી જાગૃત કર્યા. તેમજ શાળાના આચાર્ય આર. પી. પટેલ તથા સ્ટાફે હાજરી આપી હતી.



દિવડા કોલોની, તા.૩

કડાણા તાલુકાના માલવણ મુકામે શ્રી એચ. એચ.શેઠ હાઈસ્કૂલ માલવણ માંથી શ્રી અરવિંદભાઈ શંકરભાઈ પટેલ નો વય નિવૃત્તિ કાર્યક્રમ ની ઉજવણી કરવામાં આવી જેમાં માલવણ એજ્યુકેશન સોસાયટી ના ઉપપ્રમુખ શ્રી ભદ્રેશભાઈ વિ.શેઠ, કારોબારી સભ્ય શ્રી વી.એમ.પટેલ, આચાર્ય શ્રી એચ. કે.જોષી. અગાઉ નિવૃત થયેલા ગુરુજનો તેમજ નિવૃત્ત થતા શ્રી એ.અસ. પટેલ ના સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા. મોમેન્ટો આપી સન્માન તેમજ વિદાય આપવામાં આવી હતી.

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત બન્યા બે વર્લ્ડ રેકોર્ડ

# વરાછાની અર્ચના વિદ્યા નિકેતન શાળા શ્રીમદ્ ભગવદ્ ગીતા પર અને રાષ્ટ્રીય બાલશ્રી એવોર્ડ વિજેતા મનોજ ભીંગારે કલા ક્ષેત્રે વિશ્વ રેકોર્ડ બનાવ્યો



। વરાછા, તા.૩ ।

વિદ્યાર્થીઓને શ્રીમદ્ ભગવદ્ ગીતાનું જ્ઞાન મળી રહે તે માટે ગુજરાત સરકારે ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન આપવા પહેલ કરી હતી. આ પહેલને જાહેર અભિયાન બનાવીને વરાછા સ્થિત અર્ચના વિદ્યા નિકેતન શાળા રાષ્ટ્ર નિર્માણ માટે લોકભાગીદારીથી ૨૮ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી સતત ૭૫ કલાક શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકોનું પઠન કરીને વિશ્વ વિક્રમ સ્થાપેલ છે. આ વર્લ્ડ રેકોર્ડમાં વિવિધ સમાજ, ધાર્મિક સંસ્થાઓ, કંપનીઓ વગેરેના પણ સામેલ થયેલ છે.

વિશ્વ વિક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણો વિકસાવવા અને સમાજની વધતી જતી આત્મહત્યાઓની સંખ્યા, વૃદ્ધાશ્રમની સંખ્યા, પુત્ર-પુત્રીઓનું ઘર છોડી ભાગી જવું, માનસિક તણાવ, લવ જેહાદ, માતા-પિતા પ્રત્યેનું નકારાત્મક વલણ વગેરે દૂર કરીને દેશને વિશ્વ ગુરુ બનાવવો.

૩૧મી ઓક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે મનોજભાઈ ભીંગારે જી-૨૦, આઝાદી કા અમૃત મહોત્સવ અને સરદાર વલ્લભભાઈ



પટેલનાજીવનચરિત્રપરઆધારિતસતત૧૫કલાક પોતાના મોં અને પગથી ડ્રોઈંગ તૈયાર કરીને વર્લ્ડ રેકોર્ડ બનાવેલ છે. આ વર્લ્ડ રેકોર્ડમાં શહેર અને રાજ્યના નામાંકીત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સંકલ્પ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત અર્ચના વિદ્યા નિકેતન, ડૉ.શ્રીનિવાસ મિટકુલ, મનોજ ભીંગારે, અર્પણ વિદ્યા સંકુલના નામે આ વર્લ્ડ રેકોર્ડ નોંધાયેલ છે. અર્ચના વિદ્યા નિકેતનના પ્રમુખ ધીરુભાઈ પરડવા, પ્રિન્સિપાલ ડૉ. રજીતા તુમ્મા, ડાયરેક્ટ ચંદુભાઈ ભાલિયા તેમજ ડૉ. શ્રીનિવાસ મિટકુલ વગેરેના નેજા હેઠળ આ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ વર્લ્ડ રેકોર્ડમાં યુનિવર્સલ અમેઝિંગ વર્લ્ડ રેકોર્ડના ડાયરેક્ટર અશ્વિન સુદાણી હાજર રહ્યા હતા.

# રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી અંતર્ગત સુબિર તાલુકાના બરડીપાડા ગામે યોજાયો આયુષ મેળો

## વલસાડ-ડાંગના સાંસદશ્રી ડો.કે.સી.પટેલના અધ્યક્ષ સ્થાને આયુષ મેળો યોજાયો

। વલસાડ, તા.૩ ।

ભારત સરકારશ્રી દ્વારા 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ-૨૦૨૩' ની ઉજવણી ''આયુર્વેદ ફોર વન હેલ્થ'' ની થીમ, અને 'હર દિન હર કિસી કે લિયે આયુર્વેદ' થીમ ઉપર સુબીર તાલુકાના બરડીપાડા ગામે વલસાડ-ડાંગના સાંસદશ્રી ડો.કે.સી.પટેલના અધ્યક્ષ સ્થાને આયુષ મેળો યોજાયો હતો.

ડાંગ જિલ્લાની ભૂમિમા અનેક જડીબુટ્ટીઓ આવેલી છે. અહીં વિવિધ જગ્યાએથી લોકો આયુર્વેદિક ઉપચાર માટે આવે છે. ત્યારે લોકો દ્વારા પણ આયુર્વેદિક દવાઓનો ઉપયોગ કરવામા આવે તે માટે સંસદ સભ્યશ્રી ડો. કે.સી.પટેલે આયુર્વેદિક દવાઓ અને દવાખાનાનો લાભ લેવા સ્થાનિક લોકોને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન એસ. ગાઈને આયુર્વેદિક દવાઓનુ મહત્વ સમજાવી, ડાંગ જિલ્લાના લોકોને આયુર્વેદિક પદ્ધતિઓ અપનાવવાની સાથે, નવનિર્મિત આયુર્વેદિક દવાખાનાનો લાભ લેવા લોકોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે માજી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અને જિલ્લા સદસ્ય શ્રી મંગળભાઈ ગાવિતે જણાવ્યુ હતુ કે, આયુર્વેદિક દવાઓ લોકો માટે ઉપયોગી થાય તે માટે સરકાર સતત પ્રયત્નશિલ રહી છે, ત્યારે શરીરની બીમારીના ઉપચાર માટે આયુર્વેદિક દવાઓનો જ ઉપયોગ કરવા માટે શ્રી ગાવિતે લોકોને આહવાન કર્યુ હતુ. જિલ્લા આયુષ અધિકારી વૈદ્ય શ્રી મિલન એન. દશોંદીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. તેમજ આહવા ખાતે ઉપસ્થિત આયુર્વેદિક દવાખાનાનો લાભ લેવા લોકોને અનુરોધ કર્યો હતો.

વિકાસશીલ તાલુકાની જોગવાઈ વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ડાંગ જિલ્લામા ભગત મંડળીઓ માટે દવા બનાવવાના મશીન અને સાધન સામગ્રી માટેની યોજના અંતર્ગત ડાંગ જિલ્લા ભગત મંડળીઓને



સાધન સહાયના પ્રમાણપત્ર વિતરણ કરાયા હતા. તેમજ જિલ્લા વહીવટી તંત્ર હસ્તકની જોગવાઈ હેઠળ અને ૨૦૨૩-૨૦૨૪ અંતર્ગત સરકારી આયુર્વેદ હોસ્પિટલ આહવા જિલ્લા પંચાયત ખાતે પંચકર્મના સાધન અને ફર્નિચર માટેની સહાયના પ્રમાણપત્ર વિતરણ કરાયા હતા.

ઉપસ્થિત મહેમાનો દ્વારા દરેક સ્ટોલની મુલાકાત લેવામા આવી હતી. આયુષ મેળામા આયુર્વેદ અને હોમિયોપેથિક પદ્ધતિ દ્વારા તમામ રોગોનુ નિદાન- સારવાર કેમ્પ, પંચકર્મ, અગ્નિકર્મ ચિકિત્સા તેમજ દિનચર્યા, ઋતુચર્યા, યોગ નિદર્શન તેમજ જરૂરી યોગ માર્ગદર્શન, પ્રકૃતિ પરિક્ષણ, જીરિયાટ્રીક ઓપીડી, રોગોથી બચવા માટે આયુર્વેદ શરબત, અને નાગલીના સુપનુ વિતરણ કરવામા આવ્યુ હતુ. તેમજ તમામ દર્દીઓને હોમિયોપેથિક દવાઓ વિતરણ કરવામા આવી હતી. આ કાર્યક્રમમા ડાંગ જિલ્લા પંચાયત આરોગ્ય અધ્યક્ષા શ્રીમતી મયનાબેન બી.બાગુલ, સુબીર તાલુકા પંચાયતના સદસ્ય શ્રીમતી પ્રીતિબેન ગામિત, માજી સરપંચ શ્રીમતી ચંદ્રિકાબેન ગામિત, માજી કારોબારી અધ્યક્ષા ઉર્મિલાબેન ગામિત, સામાજિક કાર્યક્રમ શ્રી સુભાષભાઈ ગાઈન, સુબીર તાલુકા વિકાસ અધિકારી શ્રીમતી પૂનમબેન ડામોર, આયુર્વેદિક હોસ્પિટલના વૈદ્યશ્રીઓ, બરડીપાડા ગ્રુપ ગ્રામ પંચાયતના આગેવાનો, સ્થાનિક લોકો વિગેરે ઉપસ્થિતિ રહ્યા હતા.

# અંકલેશ્વર તાલુકાના ભડકોદ્રા ખાતે કચેરીમાં રેકર્ડ વર્ગીકરણ કરી સાફસફાઈ અભિયાન હાથ ધરાયું

। ભરૂચ, તા.૩ ।

ભરૂચ જિલ્લામાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અન્વયે જિલ્લાની વિવિધ કચેરીઓમાં રેકર્ડનું વર્ગીકરણ કરી સફાઈ કરવામાં આવી હતી.

સમગ્ર રાજ્યમાં 'સ્વસ્વછતા હી સેવા' અભિયાન અંતર્ગત તમામ સરકારી કચેરીઓના રેકર્ડ વર્ગીકરણ, ભંગારનો નિકાલ, જુના વાહનોની હરાજી વગેરે કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે જિલ્લાની વિવિધ કચેરીઓમાં ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સરકારી રેકર્ડનું યોગ્ય



રીતે વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. આજરોજ અંકલેશ્વર તાલુ-કાના ભડકોદ્રા ખાતે કચેરીના અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા આ રેકર્ડ વર્ગીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# રાજકોટના ગામડાઓમાં બસસ્ટેશન, જાહેર સ્થળો પર સઘન સફાઈ

। રાજકોટ, તા.૩ ।

''સ્વચ્છતા એ જ સેવા'' અભિયાનને રાજકોટ જિલ્લામાં વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં બસ સ્ટેશન, જાહેર માર્ગો ઉપરાંત રોડની પાસેના વિસ્તારો, શાળાઓ વગેરે સ્થળો પર સઘન સ્વચ્છતા ચાલી રહી છે. ''મારું ગામ, સ્વચ્છ અને સુંદર ગામ'' એવી નેમ સાથે ગ્રામીણ વિસ્તારના લોકો, ગામડામાં જૂના જામેલા કચરાના ઢગ, નક્કામા ઝાડી-ઝાંખરા દૂર કરીને વિસ્તારો સુઘડ બનાવી રહ્યા છે.

જિલ્લાના પડધરીમાં બજારમાં સઘન સ્વચ્છતા હાથ ધરવામાં આવી હતી. જેમાં બજારનો ખૂણેખૂણો સ્વચ્છ બનાવવામાં




આવ્યો હતો. જ્યારે ખંઢેરીમાં જાહેર માર્ગ, હાઈવે આસપાસ તેમજ વિવિધ વિસ્તારોમાં સઘન સ્વચ્છતા કરાઈ હતી. અહીં સમાજની વાડી સહિતના વિસ્તારો પાસે જામેલો કચરો દૂર કરીને કાયાપલટ કરી નાંખવામાં આવી હતી. રાજકોટ-વાડીનાર સ્ટેટ હાઈવે-૨૫ પર આવેલા મોટા રામપરમાં બસ સ્ટેશનમાં સઘન સ્વચ્છતા કરવામાં આવી હતી અને બસ સ્ટેશનને એકદમ ચોખ્ખુંચણાક બનાવાયું હતું. જ્યારે તરઘડીમાં હાઈવે-રોડ કાંઠે ઘણા સમયથી જામેલા ઢગલા તથા ઝાડી-ઝાંખરા દૂર કરીને વિસ્તારો સ્વચ્છ બનાવાયા હતા.

ઉપરાંત પડધરીના બાઘી ગામની પ્રાથમિક શાળામાં શિક્ષકો-સ્ટાફે મળીને શાળા આસપાસ સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરી હતી અને સમગ્ર વિસ્તારને એકદમ સ્વચ્છ બનાવ્યો હતો. આ વિવિધ વિસ્તારોમાં થયેલી સ્વચ્છતા ઝુંબેશમાં નાગરિકોનો પણ પૂરતો સહયોગ રહ્યો હતો. રાજકોટ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં આગામી દિવસોમાં પણ સઘન સ્વચ્છતા ઝુંબેશ ચાલુ રહેનાર હોવાનું જાણવા મળ્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે બાળકો તમારી પસંદગી મુજબનું વર્તન નહીં કરે-જે તમારો ગુસ્સો વધારી મુકશે. તમારે તમારી જાતને રોકવી જોઈએ, કેમ કે નિરંકુશ ગુસ્સો સૌને નુકસાન કરે છે અને ખાસ કરીને જે વ્યક્તિ ગુસ્સામાં છે તેને સૌથી વધુ નુકસાન કરે છે કેમ કે તેને કારણે ઊર્જા વેડફાય છે અને નિર્ણય લેવાની ક્ષમતાને મંદ બનાવે છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો? નાના બાળકો તમને વ્યસ્ત રાખશે તથા આનંદ લાવશે. રોમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે કેમ કે તમારૂં પ્રિયપાત્ર ખૂબ જ વધારે પડતી માગ કરી રહ્યું હોય એવું લાગે છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. રૉમાન્સ માટે સારો દિવસ.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. તમારે તમારા પરાજયોમાંથી પદાર્થપાઠ લેવો જોઈએ કેમ કે આજે પ્રેમનો એકરાર કદાચ નિષ્ફળ જઈ શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લ્ડ પ્રૅશરના દરદીઓ. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ? આજે તમે કેટલીક સમસ્યાઓનો સામનો કરશો- પણ વાસ્તવવાદી રહો તથા તમારી તરફ મદદનો હાથ લંબાવનારા'ઓ તરફથી ચમત્કારની અપેક્ષા રાખતા નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવાની પુરી શક્યતા છે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે.

## ન્યુઝ બોક્ષ

### હમાસના ક્રૂર હુમલા બાદ અમારા માટે આ આત્મરક્ષાની લડાઈ : ઈઝરાયેલ

। જેરૂસલેમ, તા.૩ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને મહિનો થવા આવ્યો છે પણ લડાઈ શાંત થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. એક દિવસ અગાઉ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાયડેને ઈઝરાયલ અને હમાસને થોડાક સમય માટે યુદ્ધ રોકી દેવા અપીલ પણ કરી હતી. જોકે બાયડેનની આ અપીલથી ઈઝરાયલ અકળાયું છે. ઈઝરાયલના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિયોર હયાતે કહ્યું કે હમાસના ક્રૂર હુમલા બાદ અમારા માટે આ આત્મરક્ષાની લડાઈ છે. અમે ગાઝા પટ્ટીમાંથી હમાસની સત્તા અને આતંકવાદનો ખાત્મો કરીને જ ઝંપીશું. હયાતે પત્રકારોને સંબોધતા કહ્યું કે ૭ ઓક્ટોબરે હમાસે હુમલો કર્યા બાદ અમે યુદ્ધની જાહેરાત કરી હતી. અમારા માટે આ આત્મરક્ષાની લડાઈ છે. હમાસનો ખાત્મો હવે અસ્તિત્વનો સવાલ છે. જો અમે હમાસનો ખાત્મો નહીં કરીએ તો એક પછી એક નરસંહાર ચાલુ જ રહેશે. આ હું નથી કહી રહ્યો પણ હમાસનું નેતૃત્વ જ કહે છે કે તેઓ એક પછી એક ૭ ઓક્ટોબર જેવી ઘટનાઓને અંજામ આપતા રહેશે. ઉલ્લેખનીય છે કે હમાસના એક વરિષ્ઠ સભ્યએ ઈઝરાયલ પર ૭ ઓક્ટોબરે કરવામાં આવેલા હુમલાઓની જેમ જ તક મળશે તો વધુ હુમલા કરવાની ચેતવણી ઉચ્ચારી છે.

### ભારત બીજા દેશમાં જાસૂસી કરતું હોવાનો પાક.નો આક્ષેપ

। નવી દિલ્હી, તા.૩ ।

ભારતીય નૌસેનાના નવ પૂર્વ અધિકારીઓને જાસૂસીના આરોપમાં કતારે ફાંસીની સજા ફટકાર્યા બાદ આ વિવાદમાં હવે પાકિસ્તાને ભારત સામે ઝેર ઓકવાનો મોકો શોધી લીધો છે. પાકિસ્તાની વિદેશ મંત્રાયલના પ્રવક્તાએ કહ્યુ હતુ કે, કતારની ઘટના દર્શાવી રહી છે કે, ભારત બીજા દેશોમાં જાસૂસી કરતુ હોય છે. પાકિસ્તાન લાંબા સમયથી ભારતના જાસૂસી નેટવર્કનો મુદ્દો ઉઠાવી રહ્યુ છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા મુમતાઝ બલોચે આ નિવેદન આપીને કતાર સહિતના ખાડી દેશોને ભડકાવવાનો પ્રયાસ કર્યો છે. આમ પાકિસ્તાન હવે કતારની કાન ભંભેરણી કરી રહ્યુ હોવાનુ સ્પષ્ટપણે દેખાઈ રહ્યુ છે. પાકિસ્તાને કુલભુષણ જાદવનો મુદ્દો ઉઠાવીને કહ્યુ હતુ કે, ૨૦૧૬માં ભારતીય નૌસેનાના અધિકારી કુલભૂષણ જાધવની પ ાકિસ્તાનમાં જાસૂસી બદલ ધરપકડ કરવામાં આવી હતી. જોકે ભારતે તો પહેલા જ કહી દીધુ છે કે, કુલભૂષણ જાધવનો પાકિસ્તાનમાં જાસૂસી સાથે કોઈ સબંધ નથી.

### વારાણસીમાં આંતરરાષ્ટ્રીય યુનિફોર્મ-ગારમેન્ટ પ્રદર્શન

# વર્લ્ડ યુનિફોર્મ બજાર ૨૦૩૦માં ૨૫ અબજ ડોલરે પહોંચવાની ધારણા

### ૬-૧૮ ડિસેમ્બરે વારાણસીના શ્રી કાશી વારાણસી દિનદયાલ હેન્ડિક્રાફ્ટ કોમ્પ્લેક્સમાં પ્રદર્શન યોજાશે

। વારાણસી, તા.૩ ।

દેશમાં યુનિફોર્મ ઉદ્યોગમાં મોટી વૃદ્ધિ થાય અને મહારાષ્ટ્રમાં સોલાપુર તેનું કેન્દ્ર બને તેવાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં સપનાંને સાકાર કરવા માટે સોલાપુર ગારમેન્ટ મેન્યુફેક્ચર્સ એસોસિયેશન (એસજીએમએ) દ્વારા તેનું વાર્ષિક પ્રદર્શન ભરપૂર વૃદ્ધિની સંભાવના ધરાવતા વારાણસીમાં લઈ જવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ પ્રદર્શનમાં ૧૦,૦૦૦થી વધુ યુનિફોર્મની ડિઝાઈન અને ૨૦,૦૦૦થી વધુ યુનિફોર્મ ફેબ્રિક્સની ડિઝાઈન સાથે ૨૦૦ અગ્રણી બ્રાન્ડ્સ આકર્ષાય એવું લક્ષ્ય છે. એસજીએમએ દ્વારા આ ૭મું યુનિફોર્મ પ્રદર્શન છે, જે ૧૬-૧૮ ડિસેમ્બરે વારાણસીના શ્રી કાશી વારાણસી દિનદયાલ હેન્ડિક્રાફ્ટ કોમ્પ્લેક્સમાં યોજાશે. એસજીએમએના સતીશ પવારને પ્રદર્શનના અધ્યક્ષ અને પ્રકાશ પવારને સચિવ તરીકે નીમવામાં આવ્યા છે. ૨૦૨૦માં વર્લ્ડ યુનિફોર્મ બજાર ૬.૨ અબજ ડોલર હતી, જે ૨૦૨૧માં ૮.૪ અબજ ડોલરે પહોંચી અને ૨૦૩૦માં તે ૨૫ અબજ ડોલરે પહોંચવાની ધારણા છે, એમ પ્રકાશ પવારે જણાવ્યું હતું. ટેક્સટાઈલ ઉદ્યોગમાં ભરપૂર સંભાવના સાથે દેશના સૌથી વિશાળ રાજ્ય ઉત્તર પ્રદેશના વારાણસીમાં પહેલી જ વાર આ પ્રદર્શન યોજાઈ રહ્યું છે, જેમાં ૨૦૦થી વધુ બ્રાન્ડ્સ એક છત હેઠળ આવવાની ધારણા છે. આમાં મફતલાલ, વાલજી, ક્યુમેક્સ, સંગમ, સ્પર્શનો સમાવેશ રહેશે. ઉપરાંત ટાઈ, કમરપટ્ટા, સ્કૂલ શૂઝ, મોજાં, બેગ, બ્લેઝર અને ગારમેન્ટ સંબંધી યંત્રોની પ્રોડક્ટો પણ પ્રદર્શિત કરાશે. સોલાપુરના ગારમેન્ટના ઉત્પાદકોની વિશિષ્ટતા એ છે કે તેઓ જથ્થાબંધ યુનિફોર્મના ઓર્ડર સમય પૂર્વે પુરવઠો કરે છે, તેઓ જથ્થાબંધ ઓર્ડર પૂર્ણ કર્યા પછી નાની માત્રામાં ઓર્ડર આપનાર ખરીદદારોની વિનંતી પણ પૂરી કરે છે. આથી જ દક્ષિણ ભારતીય રિટેઈલરો પણ સોલાપુરમાં રસ ધરાવે છે. વારાણસી ઉત્તર પ્રદેશના કેન્દ્રમાં છે અને બિહાર, મધ્ય પ્રદેશ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને દિલ્હી જેવાં અન્ય રાજ્ય અને શહેર સાથે ઉત્તમ જોડાણ ધરાવે છે. આથી જ અહીં પ્રદર્શન યોજવાનું નક્કી કરાયું છે. આ શહેર નજીકના ભવિષ્યમાં ઔદ્યોગિક વૃદ્ધિ માટે ઊજળી સંભાવના ધરાવે છે.

### પ્રશ્નો પૂછવાના બદલામાં પૈસા લેવાના આરોપને લઈને વિવાદ

## એથિક્સ કમિટિ સમક્ષ વસ્ત્રાહરણ થયાનો મહુઆ મોઈત્રાનો આક્ષેપ

। નવી દિલ્હી, તા.૩ ।

પ્રશ્નો પૂછવાના બદલામાં પૈસા લેવાના આરોપને લઈને વિવાદ શમી રહ્યો નથી. તૃ ણમૂલ કોંગ્રેસ (ટીએમસી) સાંસદ મહુઆ મોઈત્રાએ ફરી લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર લખ્યો હતો. પ ત્રમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે એથિક્સ કમિટી સમક્ષ જ્યારે તેઓ હાજર થયા ત્યારે તેમનું વસ્ત્રહરણ કરાયું. તેમણે કહ્યું કે કમિટીની બેઠક દરમિયાન તેમની સાથે અનૈતિક અને અભદ્ર વર્તન કરાયું. મહુઆ મોઈત્રાએ એવો આક્ષેપ કર્યો હતો કે સમિતિના અધ્યક્ષ ભાજપ સાંસદ વિનોદ કુમાર સોનકરે કેસ સંબંધિત પ્રશ્નો પૂછવાને બદલે તેમને દુર્ભાવના પૂર્ણ અને અપમાનજનક રીતે પ્રશ્ન કરીને પૂર્વાગ્રહનો પુરાવો આપ્યો હતો. ખરેખર તો મહુઆ મોઈત્રા અને બસપાના સાંસદ દાનિશ અલી સહિત ઘણા વિપ ક્ષી સાંસદો એથિક્સ કમિટીની બેઠકમાંથી બહાર આવ્યા ત્યારે ભારે ગુસ્સામાં દેખાઈ રહ્યા હતા. કમિટી સમક્ષ હાજર થયા બાદ બહાર આવેલા દાનિશ અલીએ કહ્યું કે મીટિંગમાં તેમનું પણ વસ્ત્રહરણ કરાયું. તેમને અનૈતિક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. રાતે કોની સાથે વાત થતી હતી એવા સવાલો પૂછવામાં આવ્યા હતા. જોકે આ તમામ પ્રકારના આરોપોને સોનકરે ફગાવી દીધા હતા.

મોઈત્રાએ પત્રમાં લખ્યું છે કે, હું ખૂબ જ વ્યથિત થઈને આજે તમને એથિક્સ કમિટીની સુનાવણી દરમિયાન કમિટીના અધ્યક્ષના મારા પ્રત્યેના અનૈતિક, ઘૃણાસ્પદ અને પૂર્વગ્રહયુક્ત વર્તન વિશે જણાવવા માટે લખી પત્ર લખી રહી છું. જો કહેવતની ભાષામાં કહીએ તો સમિતિના સભ્યોની હાજરીમાં આજે મારું વસ્ત્રહરણ કરાયું. તેમણે કહ્યું કે કમિટીએ પોતાનું નામ એથિક્સ કમિટી ન રાખવું જોઈએ કારણ કે તેમાં કોઈ નૈતિકતા અને નૈતિકતા રહી જ નથી. વિષય સંબંધિત પ્રશ્નો પૂછવાને બદલે કમિટીના અધ્યક્ષે મને દુર્ભાવનાપૂર્ણ અને અપમાનજનક રીતે સવાલ પૂછીને નક્કી પૂર્વાગ્રહનું પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન હાજર ૧૧ સભ્યોમાંથી પાંચે તો તેમના શરમજનક આચરણના વિરોધમાં વૉકઆઉટ કર્યું હતું.

## મુસ્લિમ હોવાના લીધે રાહુલ મારા પર આરોપ લગાવે છે : ઓવૈસી

### રાહુલે એઆઈએમએઆઈ પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી પર ભાજપ માટે કામ કરવાનો આરોપ લગાવ્યો હતો

। હૈદ્રાબાદ, તા.૩ ।

તેલંગાણામાં ૧૧૯ વિધાનસભાની બેઠકો માટે ૩૦મી નવેમ્બરે મતદાન થનાર છે ત્યારે તમામ રાજકીય પક્ષો ચૂંટણી પ્રચારમાં પોતાની તાકાત લગાવી રહ્યા છે તેવામાં પ્રચારમાં એકબીજા પર આરોપ-પ્રત્યારોપનો તેમજ નિવેદબાજી ચાલુ છે. રાહુલ ગાંધીએ ઓવૈસી પર ભાજપ પાસેથી પૈસા લેઈને પોતાના ઉમેદવારો ઉતારવાનો આરોપ લગાવ્યા બાદ હવે ઓવૈસીએ પણ પ્રતિક્રિયા આપતા કહ્યું કે તેઓ મુસ્લિમ હોવાના કારણે આવા આરોપ લગાવવામાં આવી રહ્યા છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ગઈકાલે તેલંગાણાના કોલ્લાપુરમાં એક જાહેર સભા દરમિયાન એઆઈએમએઆઈ પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી પર ભાજપ માટે કામ કરવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે તે ભાજપ પાસેથી પૈસા લઈને વિવિધ રાજ્યોમાં કોંગ્રેસ વિરુદ્ધ ઉમેદવાર ઉભા રાખે છે. ઓવૈસીએ આ આરોપો પર પલટવાર કરતા કહ્યું કે તેઓ મુસ્લિમ હોવાના કારણે આવા આરોપ લગાવવામાં આવી રહ્યા છે.



ઓવૈસીએ વધુમાં જવાબ આપતા કહ્યું રાહુલ ગાંધી આ આરોપો લગાવે છે કારણ કે મારું નામ અસદુદ્દીન ઓવૈસી છે, હું ટોપી પહેરું છું અને મારા ચહેરા પર દાઢી રાખું છું. ઓવૈસીએ પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર રાહુલ ગાંધીને જવાબ આપતા કહ્યું હતું કે તેમની ધાર્મિક ઓળક પ્રત્યે નફરતના કારણે તેમના પર પૈસા લેવાનો આરોપ લગાવ્યો છે. આ ઉપરાંત ઓવૈસીએ પ્રશ્નો પૂછ્યા હતા કે શું રાહુલ ગાંધીએ વર્ષ ૨૦૧૪ની અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણી હારવા માટે ભાજપ પાસેથી પૈસા લીધા હતા. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે રાહુલે તેમના મિત્રો જ્યોતિરાદિત્ય સિંધિયા અને ભાજપમાં સામેલ થયેલા જિતિન પ્રસાદ પર પૈસા લેવાનો આરોપ લગાવ્યો નથી. ઓવૈસીએ વધુમાં રાહુલ ગાંધીને પૂછ્યું કે શું ૨૦૦૮ના પરમાણું કરારમાં UPAને સમર્થન આપવા માટે કેટલા પૈસા લીધા? આ ઉપરાંત પૂછ્યું કે આંધ્રપ્રદેશમાં અવિશ્વાસ પ્રસ્તાવમાં કિરણ કુમાર રેડ્ડીની સરકારને સમર્થન આપવા માટે કેટલા પૈસા લેવામાં આવ્યા?

### રશિયાનું વેગનર ગ્રૂપ ઈઝરાયલ માટે મુશ્કેલી ઊભી કરી શકે

## વેગનર ગ્રુપ હિઝબુલ્લાહને એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ આપશે

### ઈઝરાયલના રોકેટ, ફાઈટર જેટ જો હિઝબુલ્લાહને નિશાન બનાવે તો ડિફેન્સ સિસ્ટમની મિસાઈલો જવાબી હુમલો કરશે

। મોસ્કો, તા.૩ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં રશિયાની પ્રાઈવેટ આર્મી એટલે કે વેગનર ગ્રૂપ ઈઝરાયલ માટે મોટી મુશ્કેલી ઊભી કરી શકે તેમ છે. કેટલાક અહેવાલોમાં દાવો કરાયો છે કે તે હિઝબુલ્લાહ આતંકીઓને એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ આપવાની તૈયારી કરી રહ્યું છે. એટલે કે ઈઝરાયલના રોકેટ, ફાઈટર જેટ જો હિઝબુલ્લાહને નિશાન બનાવશે તો ડિફેન્સ સિસ્ટમની મિસાઈલો તેના પર જવાબી હુમલો કરશે.

માહિતી અનુસાર રશિયાની પ્રાઈવેટ આર્મી વેગનર ગ્રૂપ હાલના સમયે હિઝબુલ્લાઆતંકી સંગઠનને તેની એસએ-૨૨ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમથી લેસ કરવાની તૈયારીમાં છે. હિઝબુલ્લાહ તેનો ઉપયોગ હવાઈ હુમલાને રોકવા માટે કરી શકે છે. જોકે હજુ સુધી મિસાઈલ સિસ્ટમની ડિલીવરી કરાઈ નથી. એવી આશંકા છે કે જો હિઝબુલ્લાહ પાસે જો આ મિસાઈલ સિસ્ટમર આવી જશે તો તે ગાઝામાં હાજર હમાસના આતંકીઓને પણ આ સિસ્ટમ આપી દેશે. આટલું જ નહીં જો હિઝબુલ્લાહ આ સિસ્ટમને એક્ટિવ કરશે તો તે ઈઝરાયલના એફ-૧૬ અને એફ-૩૫ ફાઈટર જેટ્સને પણ નિશાન બનાવી શકશે.

આ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ઈઝરાયલની બેલેસ્ટિક મિસાઈલ અને હાયપરસોનિક મિસાઈલોને સરળતાથી નિશાન બનાવી શકે છે. રશિયાએ દાવો કર્યો હતો કે એસએ-૨૨ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ અમેરિકાની પેટ્રિયલ મિસાઈલ સિસ્ટમ જેવી જ છે. તેને પંતશિર નામે પણ ઓળખાય છે.

### અમેરિકામાં ઘુસવા ગમે તે કરવા ભારતીયો તૈયાર

## ઓક્ટો.૨૨થી સપ્ટે.૨૩માં ૯૭૦૦૦ ભારતીયોની યુએસમાં ઘૂસણખોરી

। વોશિંગ્ટન, તા.૩ ।

ભારતના લોકોનો અમેરિકા માટેનો ક્રેઝ જાણીતો છે. યેન કેન પ્રકારે અમેરિકામાં ઘૂસવા માટે ભારતના ઘણા લોકો ગમે તે કરી છુટવા માટે તૈયાર હોય છે.

અમેરિકાના વિઝા લઈને જનારા ભારતીયોની સાથે સાથે ગેરકાયદેસર રીતે બોર્ડર પાર કરીને અમેરિકામાં ઘૂસવા માંગતા ભારતીયોની સંખ્યા પણ ઘણી મોટી છે. અમેરિકાના કસ્ટમ અને બોર્ડર સિક્યુરિટીએ જાહેર કરેલા આંકડા પ્રમાણે ઓક્ટોબર ૨૦૨૨થી સપ્ટેમ્બર ૨૦૨૩ વચ્ચે ૯૭૦૦૦ ભારતીયો અમેરિકામાં ઘૂસણખોરી કરતા પકડાયા છે. છેલ્લા પાંચ વર્ષમાં ગેરકાયદે ઘૂસણખોરી કરનારા ભારતીયોની સંખ્યા પાંચ ગણી થઈ ચુકી છે. આંકડા પ્રમાણે ૨૦૧૯-૨૦માં ૧૯૦૦૦ જેટલા ભારતીયો ગેરકાયદે રીતે બોર્ડર ક્રોસ કરતા પકડાયા હતા અને એ પછી હવે આ આંકડો સતત વધતો જ રહ્યો છે. છેલ્લા એક વર્ષમાં પકડાયેલા ભારતીયો પૈકી ૩૦૦૦૦ કેનેડા બોર્ડર પર અને ૪૧૦૦૦ મેક્સિકો બોર્ડર પકડાયા છે. તેમને ચાર કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં એકલા વ્યક્તિ, પરિવારના સભ્યો, સગીર વયના વ્યક્તિ સાથે તથા બાળકોનો સમાવશ થાય છે. પકડાયેલાઓમાં સૌથી વધારે સંખ્યા પુખ્ત વયના અને એકલા લોકોની છે. અમેરિકન સેનેટર જેમ્સ લેંકફોર્ડે મોટી સંખ્યામાં અમેરિકામાં થઈ રહેલી ઘૂસણખોરી પર ચિંતા વ્યક્ત કરતા કહ્યુ છે કે, લોકો સંખ્યાબંધ ફ્લાઈટસ બદલીને મેક્સિકો પહોંચે છે અને ત્યાંની ગેંગો લોકોને અમેરિકામાં ઘૂસણખોરી કરાવે છે. આવા લોકો અમેરિકાની સિસ્ટમનુ શોષણ કરી રહ્યા છે.

## વિશેષ

### સ્વચ્છતા, સમાનતા અને બંધુત્વની સાથે આજે દેશભરમાં એન.એસ.એસ વિભાગ વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર

# શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરના હસ્તે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી વિંઝોલ ખાતે આદિવાસી અસ્મિતા પર્વ શિબિરનો પ્રાંરભ કરાયો

### આગામી સમયમાં કેવડીયા ખાતે દેશનું ટ્રાઈબલ મ્યુઝિયમ બનશે જેથી આદિવાસી સમાજની સભ્યતા અને પરંપરાગત તથા રહેણી કહેણી વિશે આવનાર પેઢી જાણી શકશે

ગોધરા તાલુકાના વિંઝોલ સ્થિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે સાત દિવસીય ''આદિવાસી અસ્મિતા પર્વ'' થીમ આધારિત રાષ્ટ્રીય એકતા શિબિરનું આયોજન ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ,ગાંધીનગર અને રાજ્ય એન.એસ.એસ સેલ તથા શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી વિંઝોલના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું છે. રાજ્યના શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરના હસ્તે રાષ્ટ્રીય એકતા શિબિરને ખુલ્લી મુકવામાં આવી હતી. યુનિવર્સિટી ખાતે પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી સંસ્કૃતિ કલા તેમજ જનજાતિ સમાજના ગુમનામ નાયકોનું ટ્રાઈબલ ચેર હેઠળ પ્રદર્શન રાખવામાં આવ્યું હતું જેનું મંત્રીશ્રી અને મહાનુભાવોએ મુલાકાત લીધી હતી.કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને મહાનુભાવોના સ્વાગત થકી કરાઈ હતી.





આ પ્રસંગે મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે ગુજરાત સરકારશ્રી વતી યુનિવર્સિટી ખાતે પધારેલા અલગ અલગ રાજ્યના ૧૮૮ વિદ્યાર્થીઓને આવકારતા જણાવ્યું કે, એન.એસ.એસની શરૂઆત મહાત્મા ગાંધીજીના વિચારોને ફલિતાર્થ કરવા ૧૯૬૯ થી કરાઈ હતી. સ્વચ્છતા,સમાનતા અને બંધુત્વની સાથે આજે દેશભરમાં એન.એસ.એસ વિભાગ વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર છે. તેમણે દેશની આઝાદીમાં પોતાના પ્રાણની આહુતિ આપનાર વીર નાયકોને યાદ કરીને જણાવ્યું કે,સરકારશ્રી દ્વારા અનેક નાયકોના ઈતિહાસને ઉજાગર કરવામાં આવ્યો છે.ભારતની ભૂમિ પર બિરસા મુંડા,શ્રી ગોવિંદ ગુરુ જેવા અનેક આદિજાતિ જન નાયકોનું સ્થાન અદકેરું રહ્યું છે. દેશમાં આ જન નાયકોએ સમાજ સુધારણા, રાષ્ટ્રભાવના, બલિદાન, સ્વતંત્રતા, ભક્તિ આંદોલન, વ્યસન મુક્તિ સહિત અનેક ચળવળો ચલાવી હતી. સરકારશ્રીએ જન નાયકોના માનમાં તથા ભારતની આદિવાસી પરંપરાના મહિમાને ઉજાગર કરવા ૧૫ નવેમ્બરને આદિવાસી ગૌરવ દિવસ તરીકે જાહેર કર્યો છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૨માં આદિવાસી સમાજના ઈતિહાસ માનગઢને વિશ્વવ્યાપી ઓળખ આપી છે.

તેમણે કહ્યું કે દેશનો વિદ્યાર્થી અભ્યાસની સાથે સેવા, પ્રામાણિકતા, નમ્રતા, શ્રમ નિષ્ઠા, સંસ્કાર, નેતૃત્વ અને રાષ્ટ્રભક્ત બને તે જરૂરી છે. દેશના ઈતિહાસમાં પ્રાચીન વિદ્યાપીઠોનું મહત્વનું સ્થાન રહ્યું છે. આગામી સમયમાં કેવડીયા ખાતે દેશનું ટ્રાઈબલ મ્યુઝિયમ બનશે જેથી આદિવાસી સમાજની સભ્યતા અને પરંપરાગત તથા રહેણી કહેણી વિશે આવનાર પેઢી જાણી શકશે.

આ તકે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી પ્રતાપસિંહ ચૌહાણએ જણાવ્યું કે,દેશભરમાં પ્રથમ વખત યુનિવર્સિટી ખાતે આદિવાસી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે,સાત દિવસીય આ શિબિરમાં વિદ્યાર્થીઓ પોતાના રાજ્યોની આદિવાસી અસ્મિતાની બાબતો રજૂ કરશે અને લોકો પણ અસ્મિતાને નજીકથી જાણે તે માટે પ્રયત્નો કરવામાં આવશે. તેમણે કહ્યું કે, યુનિવર્સિટીએ છેલ્લા સાત વર્ષમાં અનેક સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે. સરકારશ્રીના પ્રયત્નોથી મધ્યગુજરાતના આદિવાસી વિદ્યાર્થીઓને ઘરઆંગણે શિક્ષણનું પ્લેટફોર્મ મળ્યું છે.આજે યુનિવર્સિટી હસ્તક ૩૦૦ કોલેજોમાં ૧ લાખ ૫૦ હજારથી વધુ આદિવાસી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.૮૫૦ વિદ્યાર્થીઓ પી.એચ.ડી કરી રહ્યા છે.શોધ યોજના અંતર્ગત આદિવાસી વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ ૧૦ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવે છે.

તેમણે કહ્યું કે,રાજ્યમાં ફક્ત ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે પરીક્ષાના દિવસે જ રિઝલ્ટ આપવાની શરૂઆત કરી છે.આ તકે મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે યુનિવર્સિટીના કુલ સચિવશ્રી અનિલ સોલંકી દ્વારા લખાયેલ પુસ્તકનું વિમોચન કરાયું હતું. વિવિધ રાજ્યોમાંથી આવેલા ૧૮૮ વિદ્યાર્થીઓ તા.૨/૧૧/૨૩ થી ૮/૧૧/૨૩ દરમિયાન અલગ અલગ એક્ટિવિટીમાં ભાગ લેશે તથા માનગઢ અને ટુવા જેવા સ્થળોની મુલાકાત લેશે. સાત દિવસ સુધી ચાલનારા આ આદિવાસી અસ્મિતા પર્વ કાર્યક્રમમાં ગુજરાત, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કર્ણાટક, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કેરળ અને તેલંગાણા રાજ્યોના વિદ્યાર્થીઓએ આ શિબિરમાં ભાગ લીધો છે. આ પ્રસંગે ઉચ્ચ શિક્ષણ વિભાગના નિયામક પી.બી પંડ્યા, રાજ્ય એન.એસ.એસ અધિકારીશ્રી આર.આર.પટેલ, એન.એસ.એસ વિભાગના પ્રાદેશિક ડાયરેકટર ડૉ.કમલકુમાર કર,રાજ્ય એન. એસ.એસ વિભાગના સંયુક્ત કમિશનરશ્રી નારાયણ માધુ,શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના કુલ સચિવશ્રી અનિલ સોલંકી,પોલીસ રેન્જ આઈ.જી શ્રી અસારી સહિત વિવિધ અધિકારીશ્રીઓ,મહાનુભાવો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દિવાળી પર્વ નિમિતે એસટી વિભાગ દ્વારા વિશેષ આયોજન

# ST વિભાગ બે હજારથી વધુ એક્સ્ટ્રા બસ દોડાવશે

## ગત વર્ષની સરખામણીએ આ વર્ષે એસટી વિભાગ દ્વારા લગભગ ૨૦ થી ૩૦ ટકા વધારે બસોનું સંચાલનનું આયોજન કરવામાં આવ્યું છે

| અમદાવાદ, તા.3 |

દિવાળી પર્વ પર લોકો તહેવાર મનાવવા પોતાના વતન જતા હોય છે. આવા સમયે રેલવે અને STમાં મુસાફરોની સંખ્યા વધી જતી હોય છે. જો કે આ વર્ષે દિવાળીમાં મુસાફરોને હાલાકી ન પડે તે માટે રેલવે વિભાગ બાદ હવે ST વિભાગ પણ ચિંતિત બન્યું છે. મુસાફરો માટે દિવાળી પર્વ પર એક્સ્ટ્રા બસોનું સંચાલન પણ હાથ ધર્યું છે. ST વિભાગે ૨૨૦૦ એક્સ્ટ્રા બસ દોડાવવાનો નિર્ણય લીધો છે. દિવાળીનો પર્વ હવે નજીક છે. દિવાળી વેકેશમાં લોકો પોતાના પરિવાર સાથે ફરવા અથવા તો પોતાના વતન જતા હોય છે. મોટી સંખ્યામાં લોકો દિવાળીમાં એક સ્થળેથી બીજા સ્થળે પ્રવાસ કરતા હોય છે. દર વર્ષે ટ્રેન, બસ અને ખાનગી બસોમાં એડવાન્સ બૂકિંગ થઈ જતુ હોય છે. ટ્રેન અને એસટી બસોમાં વેઈટિંગ ચાલતા હોય છે. જેના કારણે છેલ્લી ઘડીએ પ્રવાસનું આયોજન કરનારા લોકોને હાલાકી પડતી હોય છે. ત્યારે આ વર્ષે આવા લોકોને હાલાકી ન પડે તે માટે એસટી વિભાગ દ્વારા પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.



ગત વર્ષની સરખામણીએ આ વર્ષે એસટી વિભાગ દ્વારા લગભગ ૨૦ થી ૩૦ ટકા વધારે બસોનું સંચાલનનું આયોજન કરવામાં આવ્યું છે. એસટી વિભાગમાંથી મળતી માહિતી પ્રમાણે ગત વર્ષે ૧૫૦૦ જેટલી બસોનું સંચાલન કરાયું હતું. જ્યારે આ વર્ષે ૨૨૦૦ જેટલી એક્સ્ટ્રા બસોનું સંચાલનનું આયોજન કરાયું છે. જે એ જ બતાવે છે કે મુસાફરોની સંખ્યામાં આ વખતે ગત વર્ષની સરખામણીએ વધુ વધારો નોંધાઈ શકે છે. ST વિભાગ દ્વારા ૨૨૦૦ જેટલી એક્સ્ટ્રા બસોના સંચાલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધારે ૧૭૦૦ બસ માત્ર સુરત શહેર માટે જ ફાળવવામાં આવી છે. કારણ કે સુરત શહેર કાપડ અને રત્ન ઉદ્યોગ સાથે જોડાયેલું સૌથી મોટું શહેર છે.

સુરતમાં સૌથી વધારે નોકરિયાત વર્ગ જોવા મળે છે, મોટાભાગે અન્ય રાજ્યના લોકો ત્યાં વસવાટ કરીને નોકરી કરતા હોય છે. જેથી સુરત શહેરથી સૌથી વધારે લોકો પોતાના વતન એવા અન્ય શહેર વડોદરા, અમદાવાદ, રાજકોટ કે પછી સૌરાષ્ટ્રના શહેર જતા હોય છે. જેને લઈને સુરત માટે જ માત્ર ૧૭૦૦ જેટલી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે.આ સિવાય દાહોદ, પંચમહાલ જેવા જિલ્લાઓમાં પણ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું છે. તે સિવાય દિવાળી પર્વ પર જો કોઈ પણ સ્ટેશન કે ડેપો ખાતે મુસાફરોની સંખ્યા વધે અને ભીડ થાય તો તેવા સમયે ત્યાંના મેનેજરને જરૂર જણાય તે પ્રમાણે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવા પણ સૂચન કર્યું છે. જેથી મુસાફરોની ભીડને પહોંચી શકાય અને લોકોને સુવિધા પણ આપી શકાય. એક્સ્ટ્રા બસો ૭ નવેમ્બરથી દિવાળીના સમયગાળા દરમિયાન ચલાવવામાં આવશે.

**ન્યૂઝ બ્રિફ**

### ઓનલાઈન ગેમિંગના નામે ફ્રોડ કરનારી ગેંગ ઝડપાઈ

| ગાંધીનગર, તા.3 |

ગાંધીનગરમાંથી ઓનલાઈન ગેમિંગના નામે ફ્રોડ કરનારી ગેંગ પકડાઈ છે. આરોપીઓ જે ઓનલાઈન ગેમિંગ અને સાયબર ફ્રોડથી ગુના કરતા હતા. જે સમગ્ર મામલે ગાંધીનગર પોલીસ આખા ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે અને કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો છે બે આરોપીઓ મહોમ્મદ ઈસ્માઈલ અને સરફરાઝની ધરપકડ કરી છે. જે લોકો સામાન્ય જનતાને પ્રલોભન આપી ઠગાઈ કરતા હતા. આરોપીઓએ ૨૦૦ એકાઉન્ટ ખોલ્યા હતા. અલી નામના અન્ય આરોપીને ૨૦૦ એકાઉન્ટ ટ્રાન્સ્ફર કરતા હતા. જે સમગ્ર કાંડ માટે ટેલિગ્રામનો ઉપયોગ કરવામાં આવતો હતો. ૨૫ ગૃપમાંથી ૫ માં આરોપી સભ્ય હતા અને એક ગૃપમાં ૧૨૦૦ લોકો જોડાયેલા છે. આમ આ આરોપીઓ કુલ ૬ હજાર લોકો સાથે જોડાયેલા હતા. દરેક સભ્ય પાસે ૨૦૦ એકાઉન્ટ હોય તો ૧૨ લાખ એકાઉન્ટ થાય જેમા નાણા વપરાયા છે.

### સાયન્સ સિટીના આકર્ષણમાં સતત વૃદ્ધિ કરવાના ઉપક્રમમાં વધુ એક કદમ

# સાયન્સ સીટી ખાતે નવીનીકરણ પામેલા મલ્ટિમિડીયા લેસર એન્ડ ફાઉન્ટેન શોનું લોકાર્પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યું

## સોમવાર સિવાય દરરોજ મ્યુઝીકલ ફાઉન્ટેનનાં ૨૫ મિનીટનાં ઓછામાં ઓછા બે શો યોજાશે

| અમદાવાદ, તા.3 |

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સાયન્સ સીટી, અમદાવાદ ખાતે નવીનીકરણ પામેલા આકર્ષક મલ્ટિમિડીયા લેસર એન્ડ ફાઉન્ટેનનું લોકાર્પણ કર્યું છે. ૨૦૦૫માં સાયન્સ સિટી ખાતે ૧૦,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં અદ્યતન સુવિધાઓ અને ટેકનોલોજી સાથે શરૂ કરવામાં આવેલા આ મ્યુઝિકલ ફાઉન્ટેનના નવીનીકરણ બાદ દેશની સૌથી અદ્યતન સાઉન્ડ અને લાઈટ સિસ્ટમ સાથેનો નયનરમ્ય અને આકર્ષક મ્યુઝિકલ ફાઉન્ટેન મુખ્યમંત્રીશ્રીએ શુક્રવારે સાંજે જાહેર જનતા માટે ખુલ્લો મુક્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૦૧માં ૧૦૭ હેક્ટર વિસ્તારમાં નિર્માણ થયેલા સાયન્સ સિટીમાં દર વર્ષે એક-એક નવીન ગેલેરી અને નયનરમ્ય આકર્ષણો જોડવાની રાજ્ય સરકારે પરંપરા વિકસાવી છે. તદઅનુસાર, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે સાયન્સ સિટીના મ્યુઝિકલ ફાઉન્ટેનના નવીનીકરણની કામગીરી પૂર્ણ કરી છે.



૫૦ મીટર ઊંચાઈની સેન્ટ્રલ વોટર જેટ, ૮૦૦ જેટલી વિવિધ રંગબેરંગી લાઈટ્સ અને ૧૫ કરતાં વધુ હાર્મોનાઈઝડ મ્યુઝિકલ પેટર્ન સર્જતી ૬૦૦થી પણ વધુ નોઝલ સાથે આ ફાઉન્ટેન મુલાકાતીઓમાં આગવું આકર્ષણ જગાવશે. એટલું જ નહીં, ૩૬૮૧૬ મીટરની વૉટર સ્ક્રીન પર મલ્ટીમીડિયા લેઝર સાઉન્ડ શો સાથે ૧૬૮૯ મીટરની બે અન્ય સ્ક્રીન અને ૩ઢ પ્રોજેક્શનમાં ૭૦ મીટરની ૩ સ્ક્રીન દ્વારા મ્યુઝીકલ ફાઉન્ટેનનો નજારો લોકો માટે રોમાંચકારી બની રહેશે અને રાત્રીનાં સમયે આ ફાઉન્ટેન સમગ્ર વિસ્તારમાં રંગબેરંગી આકાશ જેવી આભા ઉપસાવશે. સોમવાર સિવાય આ મ્યુઝિકલ ફાઉન્ટેનના દરરોજના ૨૫ મિનિટના ઓછામાં ઓછા બે સ્પેસ થીમ આધારીત શો યોજવામાં આવશે. સાયન્સ સિટીમાં આ અદ્યતન ફાઉન્ટેનનાં લોકાર્પણ પ્રસંગે અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભા જૈન, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, સાયન્સ સિટીના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં લોકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### ચૈતરભાઇ ભૂગર્ભમાં ઉતરી ગયા

# ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા વિરુદ્ધ પોલીસ ફરિયાદ

| નર્મદા, તા.3 |

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા પંથકની જંગલની જમીન પર અમુક મોટામાથાઓએ કબ્જો જમાવી લીધો હતો. આ જમીનમાં ગેરકાયદે કબજો કરી ઉપયોગ કરવામાં આવતો હોવાનું તંત્રના ધ્યાને જતા વનવિભાગનના સબંધિત અધિકારીઓ દોડી ગયા હતા. જ્યા કામગીરી અટકાવી હતી. આ દરમિયાન જમીન પર ખેડાણની બાબતમાં ત્યાં ડેડીયાપાડાના સ્ન્છ ચૈતર વસાવા અને વનવિભાગના કર્મચારીઓ વચ્ચે બબાલ થઈ જતા મામલો બીચકાયો હતો. આ દરમિયાન બીજા અન્ય લોકો સામે પણ બોલાચાલી થતા પોલીસ ફરિયાદ ઉઠી હતી અને અમુક લોકોની ધરપકડ પણ થઈ છે. ત્યારબાદ આ અંગે નર્મદાના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાતા ચકચાર મચી છે. માથાકૂટ મામલે વન વિભાગના અધિકારીઓ દ્વારા નર્મદા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસ પણ દોડતી થઈ છે.



બીજી બાજુ આ પોલીસ ફરિયાદને લઈને નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ પટેલની પ્રતિક્રિયા સામે આવી છે. તેઓએ કહ્યું કે ધારાસભ્ય ચૈતર વસાવા સામે ફરિયાદ નોંધાઈ છે. જે નિંદનીય છે. હાલ ચૈતરભાઈ ભૂગર્ભમાં ઉતરી ગયા છે. તેમને પોલીસને કાર્યવાહીમાં સહકાર આપવો જોઈએ.તેમનો મોબાઈલ પણ બંધ આવે છે અને હાલ પોલીસે ધારાસભ્યની શોધખોળ શરૂ કરી હોવાનો ઘનશ્યામ પટેલે દાવો કર્યો હતો. વધુમાં ચૈતર વસાવા માટે આગોતરા જમીન લેવા તેમના સાથીઓએ દોડધામ હાથ ધરી છે.

### બાયડમાં હિટ એન્ડ રનની ઘટના

# બાયડમાં એક ટ્રકે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો

## પોલીસે અકસ્માત સર્જીને ફરાર થઈ જનારા ટ્રક ચાલકને પણ ઝડપી લેવા માટે તજવીજ શરુ કરી હતી

| અરવલ્લી, તા.3 |

બાયડ શહેરમાંથી પસાર થતા મોડાસા-કપડવંજ સ્ટેટ હાઈવેના ટ્રાફિકને લઈ સ્થાનિકો પરેશાન બની ચૂક્યા છે. અકસ્માતનુ પ્રમાણ વધવા સાથે વિદ્યાર્થીઓને પણ શાળાએ જવા દરમિયાન અકસ્માતનો ભય રહે છે.

મુખ્ય બજારમાંથી જ સ્ટેટ હાઈવે પસાર થતો હોવાને લઈ બાયડના લોકો પણ પરેશાન થયા છે અને અકસ્માતના બનાવો નોંધાઈ રહ્યા છે. આવી જ રીતે એક ટ્રકે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. અરવલ્લી જિલ્લાના બાયડ શહેરમાં એક ટ્રકે બાઈકને અડફેટે લઈને કચી નાંખ્યો હતો. ટ્રક ચાલક અકસ્માત સર્જીને ઘટના સ્થળેથી ટ્રક લઈને ફરાર થઈ ગયો હતો. જોકે ઘટનાના વીડિયો સામે આવ્યા છે અને જેને વાયરલ થતા



જ પોલીસે ઘટના અંગે તપાસ શરુ કરી છે. પોલીસે અકસ્માત સર્જીને ફરાર થઈ જનારા ટ્રક ચાલકને પણ ઝડપી લેવા માટે તજવીજ શરુ કરી હતી.

બાયડ પોલીસ દ્વારા આ મામલાની તપાસ શરુ કરી છે અને આરોપી ટ્રક ચાલકની ઓળખ કરવા માટે અન્ય સીસીટીવીની પણ મદદ લેવામાં આવી છે. અકસ્માતનો વીડિયો જોઈ શકાય છે કે, ભરચક વિસ્તારમાં પણ ટ્રક ચાલકે બેદરકારી દાખવતા બાઈકને અડફેટે લીધુ હતુ.

### સોની બજારમાં વીપી જ્વેલર્સને કરાઈ સીલ

# રાજકોટના સોની બજારમાં ૧૪૭૬ કરોડથી વધુના બોગસ બિલિગ કૌભાંડ ઝડપાયું

## વી પી જ્વેલર્સના માલિકને વારંવાર જીએસટી દ્વારા બોલાવવા છતા પણ હાજર ન થતા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

| રાજકોટ, તા.3 |

રાજકોટના સોની બજારમાં ૧૪૭૬ કરોડથી વધુના બોગસ બિલિગ કૌભાંડ ઝડપાયુ હતુ. જેમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. જેના ટ્રાનજેક્શન જો તો વીપી જ્વેલર્સનું નામ સામે આવ્યુ હતુ. જો કે વી પી જ્વેલર્સના માલિકને વારંવાર જીએસટી દ્વારા બોલાવવા છતા પણ હાજર ન થતા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમજ બિલિંગ કૌભાંડ જે પણ સોની અને વેપારીના નામ સામે આવ્યા છે. રાજકોટમાં જીએસટી બોગસ બિલિંગ કૌભાંડમાં વધુ કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટની સોની બજારમાં વીપી જ્વેલર્સને સીલ કરવામાં આવી છે. આ સાથે જ પારેખ બુલિયનમાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે. રાજકોટના સોની બજારમાં ૧૪૭૬ કરોડથી વધુના બોગસ બિલિગ કૌભાંડ ઝડપાયુ હતુ. જેમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. જેના ટ્રાનજેક્શન જો તો વીપી જ્વેલર્સનું નામ સામે આવ્યુ હતુ.

જો કે વી પી જ્વેલર્સના માલિકને વારંવાર જીએસટી દ્વારા બોલાવવા છતા પણ હાજર ન થતા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમજ બિલિંગ કૌભાંડ જે પણ સોની અને વેપારીના નામ સામે આવ્યા છે. તેની તપાસ હાથ ધરવામાં આવી છે. તો બીજી તરફ આજે અમદાવાદમાં આવકવેરા ખાતાના અધિકારીઓએ દરોડા પાડ્યા છે. જેમાં અમદાવાદના જાણીતા અવિરત ગ્રુપ સહિત ૪ ગ્રુપ પર IT વિભાગની કાર્યવાહી હાથ ધરી છે.બિલ્ડર ગ્રુપ સાથે સંકળાયેલા અમદાવાદના ટોચના બે બ્રોકર પણ ઈક્મટેક્સ વિભાગના રડારમાં છે.

# દહેજ પોલીસે ભંગારની આડમાં ચાલતું દારૂનું ગોડાઉન ઝડપી પાડ્યું

| ભરૂચ, તા.3 |

અંકલેશ્વર તાલુકામાં દારૂના ગોડાઉન બનાવી દક્ષિણ ગુજરાતમાં દારૂનો વેપલો ચલાવવાના રેકેટ પર અંકલેશ્વર પોલીસે સપાટો બોલાવી કોમ્બિંગ અને મોટી માત્રામાં દારૂના જથ્થાને ઝડપી પાડવાની કાર્યવાહી બાદ લિકર માફિયાઓ અંકલેશ્વર છોડી પલાયન થયા છે. અંકલેશ્વર તાલુકામાં દારૂના ગોડાઉન બનાવી દક્ષિણ ગુજરાતમાં દારૂનો વેપલો ચલાવવાના રેકેટ પર અંકલેશ્વર પોલીસે સપાટો બોલાવી કોમ્બિંગ અને મોટી માત્રામાં દારૂના જથ્થાને ઝડપી પાડવાની કાર્યવાહી બાદ લિકર માફિયાઓ અંકલેશ્વર છોડી પલાયન થયા છે.

ભરૂચના અંતરિયાળ વિસ્તારમાંથી દારૂનું નેટવર્ક ચલાવવા બુટલેગરના પ્રયાસ પણ ફરીએકવાર ભરૂચ પોલીસે પાણી ફેરવી દીધું છે. દહેજમાં ભંગારના ગોડાઉનની આડમાં ચાલતા દારૂના નેટવર્ક દહેજ પોલીસે દરોડો પાડી ૩૫૦ પેટી દારૂના જથ્થાને ઝડપી પડ્યો છે. મામલે હિસ્ટ્રીશીટર કુખ્યાત બુટલેગર તિલક પટેલ સહીત ૮ લોકો સામે ગુનો નોંધી પોલીસે ધરપકડનો દોર ચલાવ્યો છે. આ બેનંબરી વેપલો પોલીસ જાસૂસીકાંડમાં વોન્ટેડ બુટલેગર નયન કયસ્થના ઈશારે ચાલી રહ્યો હોવાની પણ પોલીસ તપાસ કરી રહી છે. પોલીસ સૂત્રો અનુસાર નારાયણ નામના ભંગારના વેપારીના ગોડાઉનમાં દારૂનું ગોડાઉન ઉભું કરાયું હતું. જોકે નારાયણે રેન્ટ એગ્રીમેન્ટ પોલીસને બતાવી મામલાથી દૂર રહેવા પ્રયાસ કર્યો છે. તેની સંડોવણી અંગે હજુ પોલીસે ચોપડે નામ ચઢાવ્યું નથી પણ મામલો તપાસ હેઠળ હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ અગાઉ ભરૂચ જિલ્લામાં ક્રાઈમ બ્રાન્ચ, અંકલેશ્વર પોલીસ અને ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે અંકલેશ્વરમાં દરોડા પડી અલગ -અલગ સ્થળોએથી દારૂના ગોડાઉન ઝડપી પાડ્યા હતા. અહીંથી દારૂ દક્ષિણ ગુજરાતમાં ઘુસાડવાનો વેપલો ચલાવતો હતો. સુરત રૂરલ પોલીસે ઝડપી પડેલા દારૂના નેટવર્કના મામલાઓની તપાસમાં પણ પાનોલી અને આસપાસના વિસ્તારનો દારૂના કટિંગમાં ઝડપાયેલા બુટલેગરોએ ઉપયોગ કર્યો હોવાનું સામે આવ્યું હતું. તત્કાલિક એસપી ડો. લીના પાટીલે બુટલેગરો સામે કરેલી કડક કાર્યવાહીઓ બાદ લિકર માફિયાઓએ અંકલેશ્વરમાં દારૂનું કટિંગ બંધ કરાયું હતું. સલામત સ્થળની શોધમાં બુટલેગરોએ ભરૂચનો અંતરિયાળ દહેજ વિસ્તાર પસંદ કર્યો હતો. દહેજ પોલીસને આ બાબતની જાણ થઈ જતા દરોડો પડી ૨ નવેમ્બરની મોડી રાતે ૩૫૦ પેટી દારૂ એક ભંગારના ગોડાઉનમાંથી રિકવર કરાયો છે.

### દિવાળી પહેલા આયકર ખાતાની કડક કાર્યવાહીથી સોંપો

# અમદાવાદમાં બે-ત્રણ બિલ્ડર ગ્રુપ પર આઈટીના દરોડાથી દોડધામ

## શહેરના ત્રણ બિલ્ડર ગ્રુપ પર આઇટી વિભાગે દરોડા પાડયા હતા, સાયન્સ સિટી અને હાઈકોર્ટ નજીકની ઓફિસો પર સર્ચ અને સર્વે હાથ ધરાયો

| અમદાવાદ, તા.3 |

અમદાવાદ શહેરના કેટલાક બિલ્ડરો પર ઈક્મટેક્સ વિભાગના દરોડા પડ્યા હતા. શહેરના બે થી ત્રણ બિલ્ડર ગ્રુપ ઉપર દરોડા પાડવામાં આવ્યા છે. શહેરના ત્રણ બિલ્ડર ગ્રુપ પર આઈટી વિભાગે દરોડા પાડયા હતા. સાયન્સ સિટી અને હાઈકોર્ટ નજીકની ઓફિસો પર સર્ચ અને સર્વે હાથ ધરાયો હતો. આઈટી વિભાગના ૧૫૦થી વધુ અધિકારીઓએ સર્ચ હાથ ધર્યું હતું. દિવાળી ટાણે દરોડાથી બિલ્ડરોમાં દોડધામ મચી ગઈ હતી.

શિપરમ પરિસરની મુખ્ય ઓફિસમાં આઈટીવિભાગે સર્ચ હાથ ધર્યું હતું. ત્રિકમ પટેલ અને અનિલ પટેલ શિપરમ ગ્રૂપના માલિકો છે. અવિરત ગ્રૂપ પર પણ આઈટીવિભાગે દરોડા પાડ્યા હતા. મોડી રાતથી ઈક્મટેક્સ વિભાગના અધિકારીઓ દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું.

ઓગણજ સાયન્સ સીટી વિસ્તારમાં આવેલ શિપરમ પરિસરની મુખ્ય ઓફિસ ખાતે ઈક્મટેક્સ વિભાગની ટીમો ત્રાટકી હતી. ત્રિકમ પટેલ અને અનિલ પટેલ શિપરમ ગ્રુપના માલિકો છે.જેમની અલગ અલગ કન્સ્ટ્રક્શન સાઈટ અને ઓફિસ ઉપર સર્વે અને સર્ચ કરવામાં આવ્યું હતું. શિપરમ ગ્રુપ સાથે અવિરત ગ્રુપ ઉપર પણ ઈક્મટેક્સ વિભાગના દરોડા પાડવામાં આવ્યા હતા. અલગ અલગ ૨૫ જેટલા સ્થળોએ શરૂ કરવામાં આવેલી તપાસમાં ઈક્મટેક્સ વિભાગના ૧૫૦ જેટલા અધિકારીઓ સર્ચ ઓપરેશનમાં જોડાયા હતા. હાલમાં ચાલી રહેલા સર્ચ ઓપરેશનમાં મોટા પ્રમાણમાં કરચોરી પકડાય તેની આશંકા છે. દિવાળી પહેલા શહેરના ત્રણ જેટલા નામી ગ્રુપ ઉપર દરોડાના પગલે રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં સન્નાટો છવાઈ ગયો હતો.

રાજકોટમાં જીએસટી બોગસ બિલિંગ કૌભાંડને લઈ જીએસટી વિભાગે તપાસ હાથ ધરી હતી. રાજકોટના સોની બજારમાં વીપીજવેલર્સ સીલ મારવામાં આવ્યું હતું. જ્યારે પારેખ બુલિયનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. ૧ હજાર ૪૭૬ કરોડથી વધુના બોગસ બિલિંગ કૌભાંડ મામલે કાર્યવાહી કરવામાં આવી હતી. જ્વેલર્સને વારંવાર નોટિસ આપવામાં આવી હતી. તેમ છતા હાજર ન થતા કાર્યવાહી કરવામાં આવી હતી. રાજકોટની સોની બજારમાં આવેલી આસ્થા ટ્રેડિંગ નામની પેઢીમાંથી ૧૪૬૭ કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ ઝડપાયું હતું. આસ્થા ટ્રેડિંગ નામની પેઢીની તપાસમાં વી.પી. જ્વેલર્સનું નામ ખુલ્યું હતું. આસ્થા ટ્રેડિંગમાં જીએસટીની તપાસમાં બહાર આવ્યું હતુ કે સોની બજારના કુલ ૪૮ વેપારીઓએ ખોટા બિલો થકી નાણાકીય વ્યવહાર કર્યા હતા.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨